અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ઓક્ટોબર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૭ | અંક : ૧૦૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886







**કોંગ્રેસે ખેડૂતો અને યુવાનોને 'ઉશ્કેરવામાં' કોઈ કસર બાકી નથી : વડાપ્રધાન**

# હિન્દુ સમાજમાં આગ લગાવેલી રાખવા માંગે છે કોંગ્રેસ : પીએમ મોદી

## વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રમાં રૂ. ૭,૬૦૦ કરોડથી વધુના ખર્ચવાળી વિવિધ વિકાસ યોજનાઓનો વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બુધવારે કોંગ્રેસ પર મોટો આરોપ લગાવ્યો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, જ્યારે મુસ્લિમોની જાતિની વાત આવે છે ત્યારે કોંગ્રેસનું મોં બંધ થઈ જાય છે, પરંતુ જ્યારે હિન્દુ સમાજની વાત આવે છે ત્યારે તે ચર્ચા જાતિથી જ શરૂ કરે છે કારણ કે તે જાણે છે કે હિન્દુઓ જેટલા વિભાજિત થશે, તેટલો જ તેમને ફાયદો થશે. વડાપ્રધાન મોદીએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ કોઈપણ રીતે હિન્દુ સમાજમાં આગ લગાવેલી રાખવા માંગે છે અને દેશમાં જ્યાં પણ ચૂંટણી થાય છે ત્યાં તે આ જ ફોર્મ્યુલા લાગુ કરે છે.

### કોંગ્રેસ નફરત ફેલાવવાની સૌથી મોટી ફેક્ટરી બનવા જઈ રહી છે



વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "પરંતુ જ્યારે હિન્દુ સમાજની વાત આવે છે, કોંગ્રેસ તેની ચર્ચા માત્ર જાતિથી શરૂ કરે છે. કોંગ્રેસની નીતિ હિન્દુઓની એક જાતિને બીજી જાતિ સામે લડાવવાની છે. કોંગ્રેસ જાણે છે કે જેટલા હિન્દુઓ વિભાજીત થશે તેટલો ફાયદો થશે. ભારતમાં જ્યાં પણ ચૂંટણી થાય છે, ત્યાં કોંગ્રેસ આ જ ફોર્મ્યુલા લાગુ કરે છે. કોંગ્રેસ સત્તા પર પાછી ફરવા માટે એટલી તલપાપડ છે કે તે દરરોજ નફરતની રાજનીતિ કરી રહી છે અને કોંગ્રેસની જૂની પેઢીના નેતાઓ પણ લાચાર છે અને અસહાય છે. કોંગ્રેસ નફરત ફેલાવવાની સૌથી મોટી ફેક્ટરી બનવા જઈ રહી છે, ગાંધીજી (મહાત્મા ગાંધી) આ વાત આઝાદી પછી જ સમજી ગયા હતા. તેથી જ ગાંધીજીએ કહ્યું હતું કે, કોંગ્રેસને નાબૂદ કરી દેવી જોઈએ. કોંગ્રેસ પોતે ખતમ નથી થઈ પરંતુ આજે તે દેશને બરબાદ કરવા તત્પર છે. તેથી, આપણે સાવચેત રહેવું પડશે અને મને વિશ્વાસ છે કે મહારાષ્ટ્રના લોકો આજે સમાજને તોડવાના પ્રયાસોને નિષ્ફળ બનાવશે.મહારાષ્ટ્રના લોકોએ સંગઠિત થઈને ભાજપ અને મહાયુતિને મત આપવાનો છે, દેશના વિકાસને સર્વોપરી રાખીને ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આગામી મહિને થવાની છે.

મહારાષ્ટ્રમાં રૂ. ૭,૬૦૦ કરોડથી વધુના ખર્ચવાળી વિવિધ વિકાસ યોજનાઓનું વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કર્યા બાદ તેમના સંબોધનમાં મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રાજ્યના લોકો 'સમાજને તોડવા'ના આ પ્રયાસને નિષ્ફળ બનાવશે. આ સરકારી કાર્યક્રમમાં, વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રના લોકોને દેશના વિકાસને સર્વોપરી રાખવા અને ભારતીય જનતા પાર્ટી (BJP) તેમજ તેના ગઠબંધન 'મહાયુતિ'ની તરફેણમાં એકજૂથ થઈને મત આપવા અપીલ કરી હતી. હરિયાણાના ચૂંટણી પરિણામોનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, તેને બતાવી દીધું છે કે આજે દેશનો મૂડ કેવો છે. કોંગ્રેસનું સમગ્ર ઈકોસિસ્ટમ, શહેરી નક્સલીઓની આખી ટોળકી જનતાને ગેરમાર્ગે દોરવામાં વ્યસ્ત હતી પરંતુ તેમના આ તમામ કાવતરાઓ નિષ્ફળ થઈ ગયા. તેમણે દલિતોમાં જૂઠાણું ફેલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ દલિત સમાજે તેના ખતરનાક ઈરાદાઓને સમજી લીધા. દલિતો સમજી ગયા કે કોંગ્રેસ તેમની અનામત છીનવીને તેમની વોટબેંકને વહેંચવા માંગે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હરિયાણાના દલિત વર્ગે ભાજપને રેકોર્ડ સમર્થન આપ્યું અને અન્ય પછાત વર્ગ (OBC)એ પણ વિશ્વાસ વ્યક્ત કર્યો. ખેડૂતો અને યુવાનોને 'ઉશ્કેરવામાં' કોઈ કસર છોડવામાં આવી નથી પરંતુ હરિયાણાના લોકોએ બતાવ્યું છે કે તેઓ હવે કોંગ્રેસ અને શહેરી નક્સલીઓના નફરતના ષડયંત્રનો ભોગ બનવાના નથી. કોંગ્રેસ સંપૂર્ણપણે સાંપ્રદાયિક અને જાતિવાદના આધારે ચૂંટણી લડે છે. કોંગ્રેસની રાજનીતિનો આધાર હિન્દુ સમાજને તોડીને પોતાની જીતની ફોર્મ્યુલા બનાવવાનો છે. કોંગ્રેસ ભારતની 'સર્વજન હિતાય-સર્વજન સુખાય'ની પરંપરાને દબાવી રહી છે, તે સનાતન પરંપરાને દબાવી રહી છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, "કોંગ્રેસની નીતિ હિન્દુઓની એક જાતિને બીજી જાતિ સામે લડાવવાની છે. કોંગ્રેસ જાણે છે કે જેટલા હિન્દુઓ વિભાજીત થશે તેટલો તેમને ફાયદો થશે. કોંગ્રેસ કોઈપણ રીતે હિન્દુ સમાજમાં આગ લગાવેલી રાખવા માંગે છે, જેથી તે તેના પર રાજકીય રોટલા શેકવાનું ચાલુ રાખી શકે. ભારતમાં જ્યાં પણ ચૂંટણીઓ યોજાય છે, ત્યાં કોંગ્રેસ આ એક જ ફોર્મ્યુલા લાગુ કરે છે." વડા પ્રધાને આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ, જે હંમેશા 'ભાગલા પાડો અને સત્તા મેળવો'ના સૂત્રને અનુસરે છે, તેણે વારંવાર સાબિત કર્યું છે કે, તે 'ગેર જવાબદાર' પાર્ટી બની ગઈ છે. તેમણે કહ્યું કે, "તે હજુ પણ દેશના ભાગલા પાડવા માટે નવી સ્ટોરીઓ બનાવી રહી છે. આજ સુધી કોંગ્રેસના એક પણ નેતાએ કહ્યું નથી કે, આપણા મુસ્લિમ ભાઈ-બહેનોમાં કેટલી જાતિઓ છે. જ્યારે મુસ્લિમ જાતિની વાત આવે છે ત્યારે કોંગ્રેસના નેતાઓ મોઢું બંધ કરીને બેસી જાય છે.

## ન્યૂઝ બ્રિફ

### જો રૂટે એક ઝટકામાં તોડી દીધો ગાવસ્કર નો સૌથી મોટો રેકોર્ડ

। નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ ફોર્મમાં ચાલી રહેલા જો રૂટે પાકિસ્તાન વિરુદ્ધ રેકોર્ડતોડ સદી ફટકારી સુનીલ ગાવસ્કર, બ્રાયનલારા જેવા દિગ્ગજોને પાછળ છોડી દીધા છે. જો રૂટની આ ટેસ્ટ કરિયરમાં ૩૫મી સદી છે. જો રૂટ આ સાથે સૌથી વધુ સદી ફટકારવાના મામલામાં ગાવસ્કર, લારા સિવાય માહેલા જયવર્ધને અને યુનિસ ખાનથી આગળ નિકળી ગયો છે. ગાવસ્કર, લારા, જયવર્ધને અને યુનિસ ખાનના નામે ૩૪ ટેસ્ટ સદી છે. જો રૂટે પાકિસ્તાન વિરુદ્ધ બુધવારે મુલ્તાન ટેસ્ટ મેચમાં સદી ફટકારી હતી. પાકિસ્તાને આ મેચની પ્રથમ ઈનિંગમાં ૫૫૬ રન ફટકાર્યા છે. તો ઈંગ્લેન્ડે પણ વળતો જવાબ આપતા ૩ વિકેટે ૩૦૦થી વધુનો સ્કોર કરી લીધો છે.

### સીબીઆઈએ આ કેસમાં સંજયને 'એકમાત્ર આરોપી' ગણાવ્યો છે

। કોલકાતા, તા.૯ ।

કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં લેડી ડોક્ટર સાથે રેપ અને મર્ડરના કેસમાં ધરપકડ કરાયેલા સંજય રોય સામે સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરી છે. સીબીઆઈએ આ કેસમાં સંજયને 'એકમાત્ર આરોપી' ગણાવ્યો છે અને ચાર્જશીટમાં તેની વિરુદ્ધ આવા ૧૧ પુરાવા દર્શાવ્યા છે, જેના કારણે તેને ફાંસી આપવામાં આવશે તે નિશ્ચિત છે. સંજય રોય વિરુદ્ધ પુરાવા તરીકે, સીબીઆઈએ મહિલા ડૉક્ટરના શરીરમાં આરોપીના ડીએનએની હાજરી, નાના વાળ, મૃતકના લોહીના ધબ્બા, રોયના શરીર પરના ઈજાના નિશાન ઉપરાંત સીસીટીવી ફૂટેજ અને 'કોલ ડિટેલ રેકોર્ડ' (સીડીઆર)નો ઉપયોગ કર્યો છે. તેના મોબાઈલ ફોનનું લોકેશનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**રેપો રેટ પર RBIનો આવી ગયો નિર્ણય**

# આ વખતે પણ રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

**સતત આઠમી વખત રિઝર્વ બેંકે પોલિસી રેટને ૬.૫ ટકા પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય રિઝર્વ બેંકની ૫૧મી MPC બેઠકના પરિણામો આવી ગયા છે. બે દિવસીય મોનેટરી પોલિસી કમિટીની બેઠકના પરિણામોની જાહેરાત કરતા સેન્ટ્રલ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આ વખતે પણ પોલિસી રેટ (રેપો રેટ)માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે કે તમારી લોનની EMI વધશે પણ નહી અને ઘટશે પણ નહીં. સતત આઠમી વખત રિઝર્વ બેંકે પોલિસી રેટને ૬.૫ ટકા પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. આ સતત ૧૦મી વખત છે જ્યારે રિઝર્વ બેન્કે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ



સતત ૧૦મી વખત છે જ્યારે રિઝર્વ બેંકે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પછી રેપો રેટ ૬.૫૦ ટકા પર રહેશે. જ્યારે રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા અને બેંક રેટ ૬.૭૫ ટકા પર સ્થિર રાખવામાં આવ્યો છે. ૭ ઓક્ટોબરથી શરૂ થયેલી MPC મીટમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપતા આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે આ વખતે રૈંઝમાં ૩ નવા સભ્યો ઉમેરવામાં આવ્યા છે અને વૈશ્વિક સ્થિતિ સહિત અન્ય પાસાઓને ધ્યાનમાં લીધા બાદ મીટિંગ દરમિયાન ૬માંથી ૫ સભ્યોનો સમાવેશ થાય છે. વ્યાજ દરો યથાવત રાખવા પર પોતાનો મત આપો. આ સાથે આરબીઆઈ ગવર્નરે કહ્યું કે હવે નીતિના વલણને વિડ્રોવલ ઓફ એપ્રુવલથી બદલીને ન્યૂટ્રલ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે વૈશ્વિક સ્તરે અસ્થિર સ્થિતિ પ્રવર્તી રહી હોવા છતાં દેશમાં ફૂગાવાને નિયંત્રણમાં રાખવામાં અમે સફળ રહ્યા છીએ અને તેની સાથે આર્થિક વિકાસને પણ વેગ મળ્યો છે.

**કેબિનેટનો મહત્વનો નિર્ણય**

# ડિસેમ્બર ૨૦૨૮ સુધી ગરીબોને હજુપણ મળતું રહેશે મફત અનાજ

## લોથલમાં નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સનાં વિકાસને મંજૂરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્ર સરકારે બુધવારે (૯ ઓક્ટોબર ૨૦૨૪) ઘણી યોજનાઓને લીલી ઝંડી આપી દીધી છે. કેબિનેટે જુલાઈ ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૮ સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKAY) અને અન્ય કલ્યાણ યોજનાઓ હેઠળ મફત ફોર્ટિફાઈડ ચોખાનો પુરવઠો ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે તેનો સમગ્ર ખર્ચ ૧૭,૦૮૨ કરોડ રૂપિયા હશે, જે કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચવામાં આવશે. કેન્દ્રીય મંત્રી અશ્વની વૈષ્ણવે કહ્યું કે સરકારની આ પહેલનો ઉદ્દેશ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને પોષણ સુરક્ષા વધારવાનો છે. એપ્રિલ ૨૦૨૨માં, આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) એ માર્ચ ૨૦૨૪ સુધીમાં તબક્કાવાર રીતે સમગ્ર દેશમાં ચોખાની ફોર્ટિફિકેશન પહેલને લાગુ કરવાનો નિર્ણય લીધો હતો. અત્યાર સુધીમાં તેને ત્રણ તબક્કામાં સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. તેમણે કહ્યું કે ગરીબોને મફત ફોર્ટિફાઈડ ચોખાના સપ્લાયથી એનિમિયા અને સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ ઓછી થશે. કેબિનેટે રાજસ્થાન અને પંજાબના સરહદી વિસ્તારોમાં રસ્તાઓને પણ મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં ૨,૨૮૦ કિલોમીટરના રસ્તાઓ બનાવવામાં આવશે, જેના માટે ૪,૪૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ સિવાય કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ના વિકાસને મંજૂરી આપી છે.

**હિલ સ્ટેશને ફરવા જાઓ તો ચા પીતા પહેલા સાવધાન**

# મસૂરીમાં ચામાં થૂંક ભેળવીને વેચનારા ચાવાળાના મેલા ઈરાદાનો પર્દાફાશ

। (એજન્સી) મસૂરી, તા.૯ ।

હિલ સ્ટેશનો પર ફરવાનો જો તમને ખુબ શોખ હોય તો આ સમાચાર વાંચીને તમને આઘાત લાગી શકે છે. કારણ કે આ એક એવા હિલ સ્ટેશનથી સમાચાર આવ્યા છે જ્યાં ગુજરાતીઓનો પણ જમાવડો હોય છે. ઉત્તરાખંડના મસૂરીમાં ચામાં થૂંક ભેળવીને વેચનારા ચાવાળાના મેલા ઈરાદાનો પર્દાફાશ થયો છે. આ જઘન્ય ઘટનાનો વીડિયો સામે આવતા જ હડકંપ મચી ગયો છે. ઘટનાનો વીડિયો ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ મામલે મસૂરી પોલીસે તપાસ પણ શરૂ કરી દીધી છે. અત્રે જણાવવાનું કે આ ઘટના કોઈ પર્યટકના કેમેરામાં કેદ થઈ ગઈ જેમાં જોઈ શકાય છે કે યુવક ચામાં થૂંકી રહ્યો છે. હાલ બંને આરોપી ફરાર છે. મસૂરી પહાડોનું શહેર કહેવાય છે. અહીં પર્યટકોનો જમાવડો રહે છે. અનેક સ્ટોલ હોય છે જ્યાં લોકો ચા પીવે છે. મેગી પણ ખાય છે. આ ફેમસ ટુરિસ્ટ પ્લેસથી હવે ચોંકાવનારા સમાચાર આવ્યા છે.

**નીતિન ગડકરીના મંત્રાલયે જાહેર કર્યા નવા નિયમો**

# હવે હાઈવે અને એક્સપ્રેસ વે ઉપર ગ્રાહકો જ રાજા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દેશના એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે પર બનેલા રેસ્ટોરન્ટ અને પેટ્રોલ પંપ હવે ગ્રાહકની કૃપાથી ચાલશે. આવા જાહેરસ્થળોએ જો ગ્રાહકને અસુવિધા વેઠવાની થાય તો ગ્રાહક તાત્કાલિક એ બદલ ફરિયાદ નોંધાવે એવી સગવડ ઊભી કરવામાં આવી રહી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે નવી નીતિ શરૂ કરી છે, જે અંતર્ગત જે-તે સ્થળોએ એવું મશીન રાખવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેના દ્વારા કરાયેલ ફરિયાદો અને ફીડબેક નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) સુધી પહોંચી શકે. ચાલો જાણીએ કે આ સિસ્ટમ કઈ રીતે કામ કરશે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે નેશનલ હાઈવે પર ચાલતા ડ્રાઈવરો અને મુસાફરોની સુવિધા માટે 'હમસફર નીતિ' શરૂ કરી છે, જેથી લોકોને સ્વચ્છ શૌચાલય, બેબી કેર રૂમ અને વ્હીલચેર જેવી સુવિધાઓ મળી રહે. દરેક રેસ્ટોરન્ટ અને હોટલના પ્રવેશદ્વાર પર 'ડિજિટલ પબ્લિક ફીડબેક સિસ્ટમ' લગાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. આ સિસ્ટમને 'રાજમાર્ગ યાત્રા' એપ સાથે જોડવામાં આવશે અને એના પર NHAI દ્વારા નજર રાખવામાં આવશે. ડિજિટલ પબ્લિક ફીડબેક સિસ્ટમમાં રેટિંગનો વિકલ્પ હશે, જેમાં એકથી પાંચ સુધીના વિકલ્પો હશે. જો તમે જે-તે સ્થળે ઉપલબ્ધ સુવિધાઓથી ખુશ નથી તો તમે નીચું રેટિંગ આપી શકો છો.

**રાહુલે હરિયાણાના કાર્યકર્તાઓને ગણાવ્યા સિંહ**

# અમે હરિયાણામાં અણધાર્યા પરિણામોનું વિશ્લેષણ કરી રહ્યાં છીએ : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે હરિયાણાના કોંગ્રેસ કાર્યકર્તાઓને સિંહ ગણાવી તેમનો આભાર માન્યો. કોંગ્રેસે જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધનમાં શાનદાર પ્રદર્શન કર્યું. આ અંગે કોંગ્રેસના સાંસદે કહ્યું, "જમ્મુ અને કાશ્મીરના લોકોનો હૃદયપૂર્વક આભાર. રાજ્યમાં ભારત ગઠબંધનની જીત એ બંધારણની જીત છે. તે લોકતાંત્રિક સ્વાભિમાનની જીત છે."

હરિયાણામાં આ વખતે કોંગ્રેસને કિસાન, રેસલરના મુદ્દા પર ૧૦ વર્ષ બાદ સત્તામાં વાપસીની આશા હતી, તે ન થઈ શક્યું. ભાજપે હરિયાણામાં સતત ત્રીજીવાર જીત મેળવી છે. હરિયાણામાં કોંગ્રેસની હાર પર પાર્ટી નેતા રાહુલ ગાંધીએ પરિણામોના વિશ્લેષણની વાત કરી છે.

# હરિયાણામાં જલેબીની પ્રશંસા રાહુલ ગાંધીને ભારે પડી!

। (એજન્સી) ચંદીગઢ, તા.૯ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ હરિયાણામાં જલેબીની ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકીય નિષ્ણાતોથી લઈને હરિયાણાના સ્થાનિક લોકો સુધી બધાએ આ જલેબીને લઈને ટ્વિટ કર્યું અને કોંગ્રેસ પાર્ટીની મજા પણ લીધી. લોકોએ જલેબીને લઈને ઘણા મીમ્સ બનાવ્યા છે. ચાલો જાણીએ ગુહાનામાં જલેબી બનાવતા દુકાનદારે શું કહ્યું, જેની રાહુલ ગાંધીએ કરી હતી પ્રશંસા? હરિયાણામાં વિધાનસભા ચૂંટણી દરમિયાન જ્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સોનીપતના ગોહાનામાં એક જનસભાને સંબોધવા ગયા ત્યારે કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ તેમને ગોહાનાની જલેબી ખવડાવી હતી. ગોહાનાની જલેબીના રાહુલ ગાંધીએ ખૂબ વખાણ કર્યા હતા. રાહુલ ગાંધીએ તેમની બહેન પ્રિયંકા ગાંધી માટે જલેબી લીધી હતી. હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદ જલેબી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્રેન્ડ થવા લાગી હતી. જલેબી બનાવનાર દુકાનદારે કહ્યું કે રાહુલ ગાંધીએ જલેબીના વખાણ કર્યા હતા.

# RBIએ UPI Lite પર ટ્રાન્ઝેક્શન મર્યાદા વધારી રૂપિયા ૧૦૦૦કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ મોનેટરી પોલિસીની બેઠકમાં UPI ટ્રાન્ઝેક્શન મર્યાદા વધારવાની જાહેરાત કરી છે. RBIએ UPI Lite પર ટ્રાન્ઝેક્શન મર્યાદા વધારી રૂ. ૧૦૦૦ અને UPI 123Pay ટ્રાન્ઝેક્શનની મર્યાદા વધારી રૂ. ૧૦૦૦૦ કરી છે. RBI ગવર્નરે જણાવ્યું હતું કે, ભારતના ડિજિટલ ફાઈનાન્સિયલ લેન્ડસ્કેપમાં UPI મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. જેને વધુ સરળ અને ઈન્કલુઝિવ બનાવવા સતત ઈનોવેશન થઈ રહ્યા છે. UPI લાઈટ પર પ્રતિ ટ્રાન્ઝેક્શન મર્યાદા રૂ. ૫૦૦થી વધારી રૂ. ૧૦૦૦ અને UPI ૧૨૩ પેની પ્રતિ ટ્રાન્ઝેક્શન મર્યાદા રૂ. ૫૦૦૦થી વધારી રૂ. ૧૦૦૦૦ કરવામાં આવી છે. જેથી લોકો સરળતાથી ડિજિટલ પેમેન્ટ કરી શકશે. UPI પ્રતિ ટ્રાન્ઝેક્શન મર્યાદામાં વધારો કરવાની સાથે UPI લાઈટની વોલેટ લિમિટ પણ વધારવામાં આવી છે. હવે UPI લાઈટ વોલેટમાં રૂ.૫૦૦૦ સુધીનું બેલેન્સ રાખી શકાશે. જે હાલ રૂ. ૨૦૦૦ હતું. માર્ચ, ૨૦૨૨માં ફીચર-ફોન યુઝર્સ માટે UPIનો ઉપયોગ શક્ય બનાવતા UPI 123 લોન્ચ કરવામાં આવ્યું હતું.

### પાંચ દિવસમાં ડેન્ગ્યૂના ૮૧ કેસ, પાણીના ૧૪ સેમ્પલ અનફીટ જાહેર

# શહેરમાં ઓક્ટોબરમાં રોજના ડેન્ગ્યૂ અને ટાઈફોઈડના ૧૬-૧૬ કેસ નોંધાયા

### ઓક્ટોબર માસના પાંચ દિવસના ગાળામાં જ શહેરમાં ડેન્ગ્યૂના ૮૧ અને ટાઈફોઈડના ૭૯ કેસ નોંધાયા છે



। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

શહેરમાં ઓક્ટોબર માસમાં પણ રોગચાળાના કેસો સતત સામે આવી રહ્યા છે. ઓક્ટોબર માસના પાંચ દિવસના ગાળામાં જ શહેરમાં ડેન્ગ્યૂના ૮૧ અને ટાઈફોઈડના ૭૯ કેસ નોંધાયા છે. આમ, ડેન્ગ્યૂ અને ટાઈફોઈડના રોજના સરેરાશ ૧૬- ૧૬ કેસ સામે આવી રહ્યા છે. આ ઉપરાંત કમળાના પણ પાંચ દિવસમાં ૫૮ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગચાળાના કેસો વધતા પાણીના નમુના લઈ તપાસ માટે મોકલાયા હતા. જેમાં ચાલુ માસમાં ૧૪ સેમ્પલ અનફીટ જાહેર થયા છે. શહેરમાં ઓક્ટોબર માસની શરૂઆત બાદ પણ મચ્છરજન્ય રોગચાળામાં ડેન્ગ્યુનો કહેર ચાલુ રહેવા પામ્યો છે. ઓક્ટોબર માસના પાંચ જ દિવસના ટૂંકા ગાળામાં શહેરમાં ડેન્ગ્યૂના ૮૧ કેસ સામે આવ્યા છે. આમ, રોજના સરેરાશ ૧૬ જેટલા કેસ સામે આવી રહ્યા છે. આ ઉપરાંત પાંચ દિવસમાં ચિકનગુનીયાના પણ ૧૦ કેસ નોંધાયા છે. જ્યારે સાદા મેલેરીયાના ૪ કેસ નોંધાયા હોવાનું જાણવા મળે છે. ડેન્ગ્યુના ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં ૧૭૦૧ કેસ નોંધાઈ ચુક્યા છે. ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધતા કોર્પોરેશન દ્વારા ચાલુ માસમાં ૯૫૨ સરીમ સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. મચ્છરજન્ય રોગચાળા સામે પાણીજન્ય રોગચાળાના કેસો ખુબ જ વધુ જોવા મળ્યા છે. ઓક્ટોબર માસના પાંચ દિવસમાં ટાઈફોઈડના ૭૯ કેસ સામે આવ્યા છે. જ્યારે ઝાડા ઉલ્ટીના પણ ૬૩ કેસ જોવા મળ્યા છે. આ ઉપરાંત કમળાના ૫૮ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગચાળાના કેસો વધતા કોર્પોરેશન દ્વારા ચાલુ માસમાં ૧૧૬૫ જેટલા પાણીના નમુના લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૧૪ જેટલા સેમ્પલ અનફીટ જાહેર થયા છે. ચાલુ વર્ષ દરમિયાન ૧૧૨૦ જેટલા પાણીના નમુના અનફીટ જાહેર થયા હોવાનું સામે આવ્યું છે.

### યૂનિવર્સલ પોસ્ટલ યુનિયન પત્ર લેખન સ્પર્ધાના વિજેતાઓને પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરાયા પુરસ્કૃત

# વિશ્વ ડાક દિવસની 'સંચારને સક્ષમ બનાવવું અને રાષ્ટ્રોના લોકોને સશક્ત બનાવવાના ૧૫૦ વર્ષ' થીમ હેઠળ ઉજવણી

### ફિઝિકલ મેઈલથી ડિજિટલ મેઈલના આ યુગમાં, ડાક સેવાઓમાં વિવિધતામાં ઘણા નવા પરિમાણો ઉમેરાયા છે : શ્રી કૃષ્ણ કુમાર યાદવ





। અમદાવાદ, તા.૯ ।

વિશ્વભરમાં ડાક સેવાઓમાં જળમૂળથી પરિવર્તન આવ્યું છે. ફિઝિકલ મેઈલથી ડિજિટલ મેઈલના આ યુગમાં, ડાક સેવાઓમાં વિવિધતામાં ઘણા નવા પરિમાણો ઉમેરાયા છે. ડાક કર્મચારી સરકાર અને સામાન્ય જનતા વચ્ચે સેવાઓ પ્રદાન કરવાની એક મહત્વપૂર્ણ કડી તરીકે આગળ આવ્યા છે. ઉપરોક્ત નિવેદન 'વિશ્વ ડાક દિવસ' પર ઉત્તર ગુજરાત પરીક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યા. 'યૂનિવર્સલ પોસ્ટલ યુનિયન' ન માત્ર વિશ્વભરની ડાક સેવાઓને જોડે છે, પરંતુ વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી યુવાનોમાં રચનાત્મકતાનો પણ વિકાસ કરે છે. આ જ શ્રેણીમાં અમદાવાદ જીપીઓમાં પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 'યૂનિવર્સલ પોસ્ટલ યુનિયન પત્ર લેખન સ્પર્ધામાં' શાંતિ એશિયાટિક સ્કૂલ, અમદાવાદની સુશ્રી હેતવી નિતિન મેહતાને પરિમંડળ સ્તરે પ્રથમ પુરસ્કાર તરીકે રૂ. ૨૫,૦૦૦/- અને મહારાજા અગ્રસેન વિદ્યાલય, અમદાવાદની સુશ્રી મીરા ઠક્કરને દ્વિતીય પુરસ્કાર તરીકે રૂ. ૧૦,૦૦૦/- ની નકદ રકમ



અને સર્ટિફિકેટ પ્રદાન કરી સન્માનિત કર્યા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે 'વિશ્વ ડાક દિવસ' નો ઉદ્દેશ વિશ્વભરમાં લોકોને દૈનિક જીવન, વેપાર અને સામાજિક તથા આર્થિક વિકાસમાં ડાક સેવાઓની ભૂમિકા વિશે જાગૃતતા વધારવાનો છે. 'એક વિશ્વ-એક ડાક પ્રણાલી' ની ધારણા સકાર કરવા માટે ૯ ઓક્ટોબર, ૧૮૭૪ના રોજ 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન' ની સ્થાપના બર્ન, સ્વિટ્ઝર્લેન્ડમાં કરવામાં આવી, જેથી વિશ્વભરમાં એક સમાન ડાક વ્યવસ્થા લાગુ કરી શકાય. ભારત પહેલું એશિયાઈ રાષ્ટ્ર હતું, જે ૧ જુલાઈ ૧૮૭૬ના રોજ આનું સભ્ય બન્યું. પાછળથી, વર્ષ ૧૯૬૯ માં ટોકિયો, જાપાનમાં સંપન્ન યુનિવર્સલ પોસ્ટલ યુનિયન કોંગ્રેસમાં આ સ્થાપનાની તારીખ ૯ અક્ટોબરને 'વિશ્વ ડાક દિવસ' તરીકે ઉજવવાની ઘોષણા કરવામાં આવી. વર્ષ ૨૦૨૪માં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (યૂપીયૂ) તેની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવી રહી છે, તેથી આ વર્ષની થીમ છે 'સંચારને સક્ષમ બનાવવું અને રાષ્ટ્રના લોકોને સશક્ત બનાવાના ૧૫૦ વર્ષ'.

ડાક વિભાગ દેશના સૌથી જૂના વિભાગોમાંથી એક છે, જે દેશના સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય ડાક વિભાગ ૧૭૦ વર્ષના તેના પ્રવાસમાં અનેક ઐતિહાસિક અને સામાજિક-આર્થિક ઘટનાક્રમોનું સાક્ષી રહ્યું છે. વર્તમાનમાં માહિતી અને સંચાર ક્રાંતિને કારણે અનેક નવી ટેકનોલોજીઓનો વિકાસ થયો છે અને ડાક સેવાઓએ પણ સમય સાથે નવી ટેકનોલોજીનો સમાવેશ, પોતાની સેવાઓમાં વૈવિધ્ય અને પોતાના વિશાળ નેટવર્કની અસરથી વિવિધ સંગઠનોના ઉત્પાદનો અને સેવાઓના વિતરણ અને વેચાણ માટે તેમની સાથે જોડાણ કરીને સાતત્યતા જાળવી રાખી છે. ડાક વિભાગની ભૂમિકામાં અનેક પરિવર્તન આવ્યા છે. 'ડાકિયા ડાક લાયા'ની સાથે 'ડાકિયા બેંક લાયા' પણ હવે એટલું જ મહત્વનું છે. પત્રો અને પાર્સલની સાથે સાથે આધુનિક યુગમાં લોકોના જીવન સાથે જોડાયેલી મહત્વપૂર્ણ વસ્તુઓ—આધાર કાર્ડ, પાસપોર્ટ, પેન કાર્ડ, વોટર આઈડી, ડ્રાઈવિંગ લાયસન્સ, બેંક ચેક બુક, એટીએમ જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજો, તેમજ વિવિધ મંદિરોના પ્રસાદ અને ગંગાજળ પણ ડાકઘરો દ્વારા જ પહોંચાડવામાં આવી રહ્યા છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના માધ્યમથી આર્થિક અને સામાજિક સમાવિષ્ટિ હેઠળ પોસ્ટમેન ચાલતા-ફરતા એટીએમના રૂપમાં નવી ભૂમિકા નિભાવી રહ્યા છે અને જન સુરક્ષા યોજનાઓથી લઈને આધાર, ડીબીટી, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, ઈ-શ્રમ કાર્ડ, વાહન વીમા, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સુધીની સુવિધા પ્રદાન કરી રહ્યા છે.

### વિઝિટિંગ કન્સલ્ટન્ટ તરીકે સેવા આપતા ૩૦ ડોક્ટરો સાથે MoU કરાયા

# ખાનગી ડોક્ટરો દર્દીઓને SVPમાં દાખલ કરી સારવાર કરી શકશે

### હોસ્પિટલમાં દર્દીઓની ઓછી સંખ્યાના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

SVP હોસ્પિટલમાં વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે સેવા આપતા ખાનગી ડોક્ટરો હવે તેમના દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરી શકશે. ખાનગી પ્રેક્ટિસ કરતા અને હોસ્પિટલમાં વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે સેવા આપતા ૩૦ ડોક્ટરો સાથે હોસ્પિટલે MoU કર્યા છે. જેમાં ડોક્ટરો તેમના દર્દીને સારવાર માટે SVP હોસ્પિટલમાં દાખલ કરી તેમની સારવાર કરી શકશે. જેમાં દર્દીઓ સારવાનો ખર્ચ હોસ્પિટલને આપવાનો રહેશે અને ડોક્ટરને વિઝીટીંગ ફી તથા ઓપરેશન સહિતનો ખર્ચ હોસ્પિટલ દ્વારા ચુકવવામાં આવશે. હોસ્પિટલમાં દર્દીઓની ઓછી સંખ્યાના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. ખાનગી ડોક્ટરોના દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટેની છુટ બાદ દર્દીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, SVP હોસ્પિટલમાં વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવતા અને ખાનગી પ્રેક્ટિકસ કરતા ૩૦ જેટલા ડોક્ટરો સાથે હોસ્પિટલ દ્વારા MoU કરવામાં આવ્યા છે. જેમાં આ ડોક્ટરો તેમના ખાનગી હોસ્પિટલમાં આવતા દર્દીઓને સારવાર માટે SVP હોસ્પિટલમાં દાખલ કરી શકશે. આ નિર્ણયથી SVP હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થશે અને મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને અલગ અલગ કેસોમાં વધારે શીખવા મળશે. જેથી આવા કેસમાં દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેનો ખર્ચ દર્દીએ હોસ્પિટલને ચુકવવાનો રહેશે. આમ, દર્દી દાખલ થયા બાદ તે રજા લઈને જાય ત્યાં સુધીની સારવારનો ખર્ચ હોસ્પિટલમાં જ જમા કરાવવાનો રહેશે. બીજી બાજુ, હોસ્પિટલ દ્વારા આ ડોક્ટરોને વિઝીટીંગ અને ઓપરેશન ફી નક્કી કરવામાં આવેલી છે તે ચુકવવામાં આવશે. એટલે દર્દી દાખલ થયા બાદ હોસ્પિટલને ચુકવણી કરશે અને તેમાંથી નક્કી કરેલા દર અનુસાર ડોક્ટરોને વિઝીટીંગ ફી, ઓપરેશન ફી સહિતના અન્ય તમામ પ્રકારની ચુકવણી હોસ્પિટલ દ્વારા કરાશે. જોકે, આ સુવિધા માત્ર સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ અને VIP રૂમ માટે જ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનું પણ જાણવા છે. દર્દીઓ માટે આયુષ્યમાન કાર્ડ અને મેડીક્લેમ સુવિધા પણ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. SVP હોસ્પિટલ શરૂ થયા બાદ સુવિધા અનુસાર દર્દીઓની સંખ્યા ખુબ જ ઓછી હોવાની અનેક વખત બુમો ઉઠી હતી. હાલમાં પણ રોજના હોસ્પિટલમાં સરેરાશ ૪૫૦ જેટલા દર્દીઓ દાખલ થતાં હોવાનું જાણવા મળે છે. જોકે, ખાનગી ડોક્ટરો સાથે કરવામાં આવેલા ર્કે બાદ હોસ્પિટલમાં દાખલ થનારા દર્દીઓની સંખ્યામાં વધારો થશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. બીજી બાજુ ખાનગી પ્રેક્ટિસ કરતા ડોક્ટરો પણ પોતાના હોસ્પિટલમાં વધુ દર્દીઓ હોય ત્યારે SVPમાં દર્દીઓને દાખલ કરી સારવાર કરી શકશે.

### મુખ્યમંત્રીને સંચાલક મંડળે પત્ર લખી ફી વધારો આપવા માગણી કરી

# ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં ત્રણ ગણો વધારો કરવા શાળા સંચાલક મંડળની રજૂઆત

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં જંગી વધારો કરવા માટે સંચાલક મંડળ દ્વારા માગણી કરવામાં આવી છે. ફી વિકલ્પવાળી ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં ત્રણ ગણો વધારો કરવામાં આવે તેવી રજૂઆત સંચાલક મંડળ દ્વારા શિક્ષણંમત્રી સમક્ષ કરવામાં આવી છે. હાલમાં ધોરણ-૯માં રૂ. ૬૦ માસિક ફીની મંજૂરી છે, તેની સામે સંચાલક મંડળ દ્વારા રૂ. ૨૫૦ માસિક ફી વસૂલવા માગણી કરવામાં આવી છે. આ જ રીતે પ્રયોગશાળા માટેની ફીમાં પણ પાંચ ગણો વધારો માગવામાં આવ્યો છે. ફી વિકલ્પ ઉપરાંત નિભાવ ગ્રાન્ટમાં પણ વધારો કરવા માગણી કરવામાં આવી છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળે મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક શાળાઓની નિભાવ ગ્રાન્ટ અને પગાર ગ્રાન્ટ આપવાની યોજના અમલમાં આપી અને આ યોજના અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રતિ માસ તેમના બેંક ખાતામાં સીધા પગાર યોજના હેઠળ પગાર જમા કરાવવાની શરૂઆત થઈ હતી. ઉપરાંત શાળા સંચાલકોને શાળાના નિભાવ માટે નિભાવ ગ્રાન્ટ આપવાની શરૂઆત થઈ હતી. રાજ્ય સરકારે નિભાવ ગ્રાન્ટમાંથી પોતાનો ફાળો ઓછો કરવા માટે નિભાવ ગ્રાન્ટની સામે રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓને નિભાવ ગ્રાન્ટ જતી કરીને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલીને શાળાની નિભાવ કરવાની યોજના અમલમાં મૂકી હતી.

### કોન્ટ્રાક્ટરે ખાડો ખોદી પૂરાણ કર્યુ ન હતું

# વટવામાં આવાસ તોડવાની કામગીરી વખતે ખોદેલા ખાડામાં પડતા બાળકીનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

વટવામાં આવાસો ફાળવણી વગર તોડી પાડવામાં આવ્યા હોવાના વિવાદ બાદ હવે મકાનો તોડવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં પડી જવાથી ત્રણ વર્ષની બાળકીનું મોત થયું છે. કોન્ટ્રાક્ટર દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં પૂરાણ કરવામાં આવ્યું ન હોવાથી વરસાદી પાણી ભરાઈ ગયું હતું. જેમાં રમતા રમતા બાળકી પડી જતાં તેનું મોત નિપજ્યું હતું. ઘટનાના પગલે વિસ્તારમાં ભારે આક્રોશ ફેલાયો હતો. મ્યુનિ. દ્વારા વટવા વિસ્તારમાં આવાસ યોજના અંતર્ગત મકાનો તૈયાર કરવામાં આવ્યા હતા. જોકે, આ મકાનો પૈકી ૧૬૦૦ મકાનો ફાળવવામાં આવ્યા ન હતા અને તેને તાજેતરમાં તોડી પાડવામાં આવતા ભારે વિવાદ થયો હતો. આ મકાનોની ફાળવણી થઈ ન હતી અને તે પહેલા જ જર્જરીત થઈ જતાં તોડી પાડવામાં આવતા વિપક્ષ દ્વારા સામાન્ય સભામાં પણ સત્તાધારી પક્ષ પર પસ્તાળ પાડી હતી. મકાનો તોડવાની કામગીરી કોન્ટ્રાક્ટરને આપવામાં આવી હતી. જેથી કોન્ટ્રાક્ટર દ્વારા મકાન તોડવાની કામગીરી વખતે ત્યાં ૧૦ ફૂટ મોટો ખાડો ખોદ્યો હતો. દરમિયાન, મકાનો તોડવામાં આવ્યા છે તેની આસપાસના વિસ્તારમાં લોકો છાપરા બનાવી વસવાટ કરે છે. સોમવારના રોજ નજીકમાં રહેતી પ્રીતિ નામની ૩ વર્ષની બાળકી ઘર પાસે રમતી હતી અને ત્યારબાદ આ ખાડા પાસે ગઈ હતી. જ્યાં રમતા રમતા તે ખાડામાં પડી ગઈ હતી. મોડી સાંજ સુધી બાળકી ન મળતા પરિવારજનોએ તપાસ શરૂ કરી હતી.

# ડુંગરાળ અને પથરાળ વિસ્તારમાં કમલમ ફળ (ડ્રેગન ફ્રૂટ)ની સફળ પ્રાકૃતિક ખેતી કરી કપરાડાના ખેડૂત મિશાલરૂપ બન્યા

## રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧,૮૦,૫૦૦ ની સહાય અપાતા આદિવાસી ખેડૂતને કમલમની ખેતી કરવા હિંમત મળી

આલેખનઃ જિજ્ઞેશ સોલંકી
(માહિતી) અમદાવાદ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના એક આદિવાસી ખેડૂત ખેતીવાડીના કામ અર્થે મહારાષ્ટ્રના ધામણમાળ ગામે ગયા હતા ત્યારે તેમણે બજારમાં કમલમ (ડ્રેગન) ફ્રૂટ વેચાતુ જોયું હતું. જે દુકાનદાર વેચતો હતો તેને આ ફળનું નામ પૂછ્યુ પણ તેને પણ નામ ખબર ન હતું. પરંતુ માર્કેટમાં આ ફ્રુટની જબરજસ્ત ડિમાન્ડ હોવાનું કપરાડાના ખેડૂતને જાણવા મળ્યું. કપરાડાના ડુંગરાળ પ્રદેશની જમીન પર આ પાકની ખેતી થાય કે કેમ અને થાય તો પ્રથમવાર નિષ્ફળ ગયા તો ખર્ચ માથે પડે તો શું કરવુ? આવા અનેક પ્રશ્નો આદિવાસી ખેડૂતને સતાવી રહ્યા હતા પરંતુ આ ખરા સમયે બાગાયતી ખાતુ અને આત્મા પ્રોજેક્ટ વ્હારે આવ્યું અને ખેડૂતને હિંમત આપી અને યોજનાકીય આર્થિક સહાય પણ આપી જેથી ડુંગરાળ પ્રદેશમાં આદિવાસી ખેડૂતે સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી કમલમ ફ્રૂટની સફળતાપૂર્વક ખેતી કરી વિષમ પરિસ્થિતિને પોતાની તરફેણમાં કેવી રીતે ફેરવી શકાય તેનું ઉત્તમ દ્રષ્ટાંત ખેડૂતોને પુરૂ પાડયુ છે. મેક્સિકો, વિયેતનામ, તાઈવાન, મલેશિયા, ઈઝરાયલ, મધ્ય અમેરિકા અને દક્ષિણ અમેરિકાનું કમલમ ફળ ગુજરાતમાં ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે પરંતુ હવે વલસાડ જિલ્લાના ડુંગરાળ પ્રદેશમાં પણ પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી કમલમ ફળની સફળ ખેતીનું પ્રમાણ વધ્યુ છે. પ્રાકૃતિક ખેતીથી કમલમ ફળ પાકની સફળ ખેતીની મિશાલ પુરી પાડનાર કપરાડાના હિલ સ્ટેશન પર આવેલા કોલવેરા ગામના પટેલ ફળિયા ખાતે રહેતા આદિવાસી ખેડૂત બચુભાઈ કાળુભાઈ જાદવે જણાવ્યું કે, પહેલા હું રાસાયણિક ખાતરથી ડાંગરની ખેતી કરતો હતો પરંતુ તેમાં એટલી ઉપજ આવતી ન હતી મહારાષ્ટ્રમાં કમલમ ફ્રૂટ વેચાતા જોયુ અને તેની ડિમાન્ડ વધુ હોવાથી આ ફળ પાકની ખેતી કરવાની ઈચ્છા થઈ પરંતુ અમારા વિસ્તારમાં કોઈએ આ ફળની ખેતીનું નામ સુધ્ધા સાંભળ્યું ન હતું. જેથી આત્મા પ્રોજેક્ટના કપરાડા તાલુકા સંયોજક કિશન ધૂમ અને સહસંયોજક રઘુનાથ ભોયાએ કમલમ ફ્રૂટની પ્રાકૃતિક પધ્ધતિથી ખેતી કેવી રીતે કરી શકાય તેનું વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જેથી ખેતી કરવાની ઈચ્છા બળવત્તર બની હતી પરંતુ શરૂઆતમાં ખર્ચ માટે મારી પાસે પૂરતી સગવડ ન હતી આ સમયે મારી વ્હારે ગુજરાત સરકારનું બાગાયત ખાતુ વ્હારે આવ્યુ હતુ અને કમલમ પાકની ખેતી કરવા માટે સ્ટ્રક્ચર ઉભુ કરવા અને છોડની ખરીદી કરવા માટે કુલ રૂ. ૧,૬૭,૦૦૦ની



યોજનાકીય સહાય પુરી પાડી હતી જેથી મારામાં હિંમત આવતા ડુંગરાળ અને પથરાળ વિસ્તારની જમીન પર આ વિસ્તારમાં પ્રથમવાર કમલમની ખેતી કરવાનું સાહસ કર્યુ હતું. જૂન ૨૦૨૩માં ધરમપુર અને કપરાડાથી ૨૫૦૦ જેટલા છોડ લાવી મારી એક એકર જમીનમાં રોપ્યા હતા. ૧૧ માસ બાદ હવે છોડ પર કમલમ ફ્રૂટ આવતા ખૂબ જ આનંદ થયો હતો. પ્રથમ વાર નવા ફળની ખેતી કરી હોવાથી આસપાસના ગ્રામજનોમાં પણ આકર્ષણ ઉભુ થયું હતુ જેથી પ્રથમ પાક લોકોને ખવડાવી ખુશી અનુભવી હતી. આત્મા પ્રોજેક્ટ દ્વારા મોડલ ફાર્મ માટે રૂ. ૧૩,૫૦૦ની સહાય આપવામાં આવી હતી. આ ફળનો દેખાવ અત્યંત ઘાટા રંગનો અને મનમોહક હોય છે. સ્વાદ થોડો મીઠો હોય છે. અનેક ખનીજ તત્વોથી ભરપૂર આ ફળ દૈનિક આહારમાં સ્વાસ્થ્ય માટે જરૂરી છે. પોતાના સંઘર્ષના દિવસોમાં પ્રાકૃતિક ખેતી કેવી રીતે વરદાનરૂપ સાબિત થઈ તે અંગે વધુમાં બચુભાઈ જાદવ જણાવે છે કે, કપરાડાના ડુંગરાળ પ્રદેશમાં જમીન પથરાળ છે. ચોમાસા દરમિયાન પાણી તરત નીચે ઉતરી જતા પાક સુકાઈ જતો અને જીવાત પડી જતી હતી, આ સમયે પ્રાકૃતિક ખેતી આધારિત નિમાસ્ત્ર અને બ્રહ્માશસ્ત્રનો છંટકાવ કરતા પાકને નવુ જીવન મળ્યું હતું. પાંચ આયામ આધારિત પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જૈવ વિવિધતાથી કમલમ ફળની ખેતી સફળ થઈ રહી છે. બજારમાં હાલમાં કમલમનું એક ફ્રૂટ રૂ. ૨૦૦ થી રૂ. ૨૫૦ ના ભાવે વેચાઈ રહ્યું છે. થોર પ્રજાતિના આ ફળની ખેતીમાં શરૂઆતમાં ખર્ચ કરવો પડે પરંતુ લાંબા ગાળા સુધી આવક રળી આપે છે. કમલમ ફળની ખેતી માટે સરકારની યોજનાનો લાભ મળવા બદલ હું રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરૂ છું. બોક્ષ મેટર વર્ષે રૂ. ૩ થી ૪ લાખની આવક મળી શકશેઃ સંયોજક આત્મા પ્રોજેક્ટના કપરાડા તાલુકાના સંયોજક કિશનભાઈ ધૂમ એ જણાવ્યુ કે, ગામે ગામ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે કિસાન ગોષ્ઠિનું આયોજન કરાય છે. કમલમની ખેતી કરનાર ખેડૂત બચુભાઈને હૈદ્રાબાદ પણ તાલીમ માટે મોકલ્યા હતા. હાલમાં પ્રથમ ફાલ તૈયાર થયો છે પરંતુ ૩ વર્ષ બાદ ફૂલ ફલેજમાં ઉત્પાદન થતા વર્ષે ૩ થી ૪ લાખ રૂપિયાની આવક મળી શકશે. બોક્ષ મેટર કમલમ ફ્રૂટ સ્વાસ્થ્યની તંદુરસ્તી માટે કઈ રીતે ઉપયોગી થઈ શકે કમલમ ફ્રૂટ કેલ્શિયમ, ફાઈબર, આયર્ન, ફોસ્ફરસ, વિટામીન-સી, વિટામીન-બી-૧, બી-૨ અને બી-૩ અને ઘણા બધા વિટામિન્સથી ભરપૂર હોવાથી પાચન તંત્ર સુધારવામાં મદદ કરે છે. લોહીનું ઉંચુ દબાણ ઘટાડે છે. હિમોગ્લોબિનની માત્રા વધારે છે. કમલમ ફળમાં જોવા મળતા નાના કાળા દાણાઓ ઓમેગા -૩ અને ઓમેગા -૯ ફેટી એસિડ્સના સારા સ્ત્રોત છે, જે હૃદયને સ્વસ્થ રાખે છે. કમલમ ફ્રૂટમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ફોસ્ફરસનો સારો સ્ત્રોત હોવાથી હાડકા અને દાંતને મજબૂત બનાવે છે. કમલમ ફ્રૂટ નીચા ઘનતાવાળા લિપોપ્રોટીન કોલેસ્ટ્રોલને ઘટાડે છે સાથે સારા કોલેસ્ટ્રોલને વધારવામાં મદદ કરે છે. લોહીમાં સુગરની માત્રાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. કેન્સર અને ડેન્ગ્યુ તાવ સામે રક્ષણ આપે છે. ચામડીના રોગો સામે રક્ષણ આપે છે. બોક્ષ મેટર રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને રૂ. ૪.૫૦ લાખ સુધીની સહાય મળે છેઃ મદદનીશ બાગાયત નિયામક વલસાડ બાગાયત ખાતાના મદદનીશ બાગાયત નિયામક ડો.એ.એમ. વોરાએ જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા આ પાકની ખેતીને પ્રોત્સાહન મળે તે માટે બાગાયત વિભાગમાં જનરલ ખેડૂતોને પ્રતિ હેકટર રૂ. ૩ લાખ અને એસ.સી./એસ.ટી. ખેડૂતોને પ્રતિ હેકટર રૂ. ૪.૫૦ લાખની સહાય આપવામાં આવે છે. બીજા પાકોની સરખાણીએ આ ફળને પાણી અને ઓછી કાળજીની જરૂર રહે છે. ખેડૂત બીજા ત્રીજા વર્ષમાં પોતાનું રોકાણ પાછુ મેળવી શકે છે. ઓછી મહેનતે વધુ વળતર આપતો ફળ પાક એટલે કમલમ. તેમાંથી જેલી, જ્યુસ, ચીપ્સ, પાઉડર, જામ અને તેલ પણ બને છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA)ના ૭મા સ્થાપના દિવસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા દીપ પ્રગટાવી ઉજવણી કરવામાં આવી.

### ન્યૂઝ બ્રિફ

## નિવૃત્તિ પહેલા CJI ચંદ્રચૂડને ચિંતા સતાવી, જણાવી દિલની વાત



। (એજન્સી) નવી દિલ્હી,તા.૯ ।

મુખ્ય ન્યાયાધીશ (CJI) ડીવાય ચંદ્રચૂડ આવતા મહિને નિવૃત્ત થવા જઈ રહ્યા છે. આ અગાઉ તેમણે પોતાના ભવિષ્ય અને ભૂતકાળ વિશે ચિંતા અને શંકા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ વારંવાર વિચારે છે કે શું તેઓ ન્યાયતંત્રમાં જે કરવા માગતા હતા તે પ્રાપ્ત કરી શક્યા. તેમને આશ્ચર્ય થાય છે કે ઈતિહાસ તેમના કાર્યકાળને કેવી રીતે ધ્યાનમાં લેશે. જો કે, તેમણે એ પણ સ્વીકાર્યું કે આ પ્રશ્નોના મોટાભાગના જવાબો તેના નિયંત્રણની બહાર હતા અને તે કદાચ જવાબો ક્યારેય નહીં મળે. CJI ચંદ્રચૂડે આ વાત ભૂટાનની જીગ્મે સિંગે વાંગચુક સ્કૂલ ઓફ લોના ત્રીજા દીક્ષાંત સમારોહ દરમિયાન કહી હતી. આ સમારોહમાં ભુતાનની રાજકુમારી સોનમ ડેચેન વાંગચુક, શાળાના પ્રમુખ લ્યોનપો ચોગ્યાલ ડાગો રિગ્ડજિન અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું, ‘‘હું નવેમ્બરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ પદ છોડવાનો છું. આ સમય દરમિયાન, મારું મન ભવિષ્ય અને ભૂતકાળની ચિંતાઓથી ભરેલું છે. હું મારી જાતને પ્રશ્ન પૂછું છું કે શું મેં જે કર્યું છે તે બધું મેં કર્યું છે.

## હવે કાશી વિશ્વનાથ મંદિરમાં સ્પર્શ દર્શન ઉપર પ્રતિબંધ



। (એજન્સી) વારાણસી, તા.૯ ।

વારાસણી સ્થિત કાશી વિશ્વનાથ મંદિર પ્રશાસને એક મોટો નિર્ણય લીધો છે. મંદિર પ્રશાસને ગર્ભગૃહમાં સ્પર્શ દર્શન પર પ્રતિબંધ લગાવી દીધો છે. આગામી આદેશ સુધી કાશી વિશ્વનાથ મંદિરમાં શિવ ભક્તોને સ્પર્શ દર્શન પર રોક રહેશે. જોકે, ગત દિવસોમાં બાબા વિશ્વનાથના અરઘામાં એક મહિલા શ્રદ્ધાળુ પડી ગઈ હતી. તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે સ્પર્શ દર્શન દરમિયાન વધુ એક શ્રદ્ધાળું પડી ગયા. બે ઘટનાઓ બાદ મંદિર પ્રશાસને સ્પર્શ દર્શન પર પ્રતિબંધ લગાવી દીધો. મંદિર પ્રશાસન તરફથી એક એડવાઈઝરીના મતે, આગામી આદેશ સુધી બાબાના દર્શન માત્ર અરખા ચડાવીને અથવા ઝાંખી દ્વારા જ શક્ય બનશે. જણાવવામાં આવ્યું હતું કે ૭ ઓક્ટોબરના રોજ કાશી વિશ્વનાથ મંદિરમાં સપ્તર્ષિની સાંજની આરતી અને શ્રૃંગાર આરતી દરમિયાન ગર્ભગૃહની સફાઈ દરમિયાન દરવાજો ખોલવામાં આવ્યો હતો.

### હરિયાણામાં હાર બાદ રવનીત સિંહ બિટ્ટુનો ટોણો

# ડાયનાસોર પાછા આવી શકે છે, પરંતુ કોંગ્રેસ પાર્ટી સત્તામાં ન આવી શકે

### કેન્દ્રની મોદી સરકારમાં રેલ રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુનો હરિયાણા ચૂંટણીમાં કોંગ્રેસની હાર પર તીખો પ્રહાર

। (એજન્સી) ચંદીગઢ, તા.૯ ।

હરિયાણા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર જીત નોંધાવી છે. ૯૦માંથી ૪૮ બેઠકો સાથે પૂર્ણ બહુમતની સરકાર બનવા જઈ રહી છે. હવે સૈનીના હાથમાં ફરી એક વખત હરિયાણાની કમાન હશે. એક્ઝિટ પોલના અંદાજોની વિપરીત કોંગ્રેસ પાર્ટીએ પ્રદર્શન કર્યું છે. ત્યારે હવે કેન્દ્રની મોદી સરકારમાં રેલ રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુએ હરિયાણા ચૂંટણીમાં કોંગ્રેસની હાર પર તીખો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, બાકીની પાર્ટીઓ



ખૂબ જ આગળ નીકળી ચૂકી છે પરંતુ કોંગ્રેસ પાર્ટી આજે પણ પરિવારમાંથી બહાર નથી નીકળી શકી. તેમણે કોંગ્રેસ પાર્ટીને ટોણો મારતા કહ્યું કે, ‘ડાયનાસોર પાછા આવી શકે છે, પરંતુ કોંગ્રેસ પાર્ટી સત્તામાં ક્યારેય પાછી ન આવી શકે.’ તમને જણાવી દઈએ કે પૂર્વ કોંગ્રેસી નેતા રવનીત સિંહ બિટ્ટુ ગાંધી પરિવાર અને ખાસ કરીને રાહુલ ગાંધીના જોરદાર ટીકાકાર રહ્યા છે. તેઓ લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયા હતા. લોકસભા ચૂંટણીમાં ભલે તેમને સફળતા ન મળી, પરંતુ પીએમ મોદીએ તેમને કેબિનેટમાં સ્થાન આપીને તેમનું કદ વધારી દીધુ છે. આ પહેલા કોંગ્રેસ પાર્ટીને સલાહ આપતા રવનીત સિંહ બિટ્ટુએ કહ્યું હતું કે જો કોંગ્રેસ પાર્ટીએ વિરોધ કરવો હોય તો રાહુલ ગાંધીનો વિરોધ કરવો જોઈએ.

### રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કારની જાહેરાત!

# રસાયણશાસ્ત્રનું નોબેલ પુરસ્કાર ડેવિડ બેકરને આપવામાં આવશે

### બાકીનું અડધું સંયુક્ત રીતે ડેમિસ હાસાબીસ અને જ્હોન એમ. જમ્પરને આપવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

રોયલ સ્વીડિશ એકેડમી ઓફ સાયન્સે બુધવારે (૦૯ ઓક્ટોબર) જાહેરાત કરી હતી કે રસાયણ વિજ્ઞાનમાં તેમના અભૂતપૂર્વ યોગદાન માટે ૨૦૨૪નું રસાયણશાસ્ત્રનું નોબેલ પુરસ્કાર ડેવિડ બેકર અને બાકીનું અડધું સંયુક્ત રીતે ડેમિસ હાસાબીસ અને જ્હોન એમ. જમ્પરને આપવામાં આવશે. યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટન, સિએટલ, યુ.એસ.ના ડેવિડ બેકરને ‘‘કમ્પ્યુટેશનલ પ્રોટીન ડિઝાઈન માટે’’ રસાયણશાસ્ત્રમાં પ્રતિષ્ઠિત નોબેલ પારિતોષિક એનાયત



કરવામાં આવ્યું હતું, લંડન, યુકે સ્થિત ગૂગલ ડીપમાઈન્ડના ડેમિસ હાસાબીસ અને જ્હોન એમ. જમ્પરને ‘‘પ્રોટિન સંરચના ભવિષ્યવાણી માટે પુરસ્કાર મળ્યો હતો. રસાયણશાસ્ત્રની નોબેલ સમિતિના અધ્યક્ષ હેઈનર લિંક્કેએ હિન્દુસ્તાન ટાઈમ્સના એક અહેવાલમાં જણાવ્યું હતું કે, આ વર્ષે માન્યતા પ્રાપ્ત થયેલી શોધોમાંની એક ૫૦ વર્ષ જૂના સ્વપ્નને પૂર્ણ કરવાની છે. આ બે શોધો તેમના એમિનો એસિડ સિક્વન્સમાંથી પ્રોટીન સ્ટ્રક્ચર્સની આગાહી કરવા માટે પ્રચંડ શક્યતાઓ ખોલે છે. ડેવિડ બેકરે સંપૂર્ણપણે નવા પ્રોટીનની રચના કરવાની અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે, જ્યારે ડેમિસ હાસાબીસ અને જ્હોન જમ્પરે ૫૦ વર્ષ જુના પડકારને ઉકેલવા માટે એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલ વિકસાવ્યું છે જે પ્રોટીનની જટિલ ત્રિ-આયામી સંરચનાની ભવિષ્યવાણી કરે છે.




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા મહારાષ્ટ્રમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યું હતું.

### સામે આવ્યો ચોંકાવનારો કિસ્સો

## પાંચ વર્ષના બાળક માટે કેક બની ઘાતક



। (એજન્સી) બેંગલુરુ,તા.૯ ।

તમે આ કહેવત ઘણી વાર સાંભળી હશે કે દરેક દાણા દાણા પર ખાનારનું નામ લખેલું હોય છે પરંતુ બેંગલુરુમાં આ કહેવત એક પરિવાર માટે અભિશાપ બની ગઈ. વાસ્તવમાં, આ બેંગલુરુના એક પરિવારની વાર્તા છે જે બપોર સુધી હસતો હતો પરંતુ તેમને ખબર ન હતી કે આ હાસ્ય ઉદાસીમાં બદલાઈ જશે. આ પરિવારમાં પતિ -પત્ની હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝૂલી રહ્યાં છે, પરંતુ તેમનો ૫ વર્ષનો પુત્ર હવે આ દુનિયામાં નથી. બેંગલુરુમાં જન્મદિવસની કેક ખાવાથી ૫ વર્ષના બાળકનું મૃત્યુ થયું. બાળકના પિતા ફૂડ ડિલિવરી કંપની સ્વિગીમાં કામ કરે છે. જ્યારે એક ગ્રાહકે તેનો કેક ઓર્ડર કેન્સલ કર્યો ત્યારે તે કેક પોતાના ઘરે લઈને આવી ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ મામલામાં બાળકીના માતા-પિતાની હાલત પણ ગંભીર છે. બંનેને KIMS હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા છે તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે. બાળકના પિતા બલરાજ, જે બેંગલુરુમાં સ્વિગી ડિલિવરી બોય તરીકે કામ કરે છે, તે ૬ ઓક્ટોબર, રવિવારના રોજ ગ્રાહક દ્વારા ઓર્ડર કરાયેલ કેકની ડિલિવરી કરવા ગયો હતો, પરંતુ ઓર્ડર રદ કરવામાં આવ્યો હતો. કેક દુકાને પરત કરવાને બદલે બલરાજ પોતાની સાથે લઈ ગયો અને ચાલ્યો ગયો. બલરાજ કેક ઘરે લાવતા જ તેનો ૫ વર્ષનો પુત્ર ધીરજ ખાવા લાગ્યો. પતિ-પત્નીએ રાત્રે કેક ખાધી, પરંતુ તે ખાધા પછી ત્રણેયની તબિયત બગડવા લાગી.સવાર સુધીમાં ત્રણેયની હાલત વધુ બગડતાં પડોશીઓએ તેમને કિડવાઈ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જો કે, તેમના ૫ વર્ષના પુત્ર ધીરજને હોસ્પિટલમાં લઈ જવામાં આવે તે પહેલા જ તેનું મૃત્યુ નીપજ્યું હતું. તે જ સમયે, ગંભીર સ્થિતિમાં દાખલ સ્વિગી ડિલિવરી બોય બલરાજ અને તેની પત્ની નાગલક્ષ્મીની આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. આ મામલામાં હોસ્પિટલના તબીબે કહ્યું કે આ ફૂડ પોઈઝનિંગને કારણે થયું હતું અને ૫ વર્ષના બાળકનું હોસ્પિટલ આવતા પહેલા એટલે કે ખોરાક ખાધા પછી અચાનક મૃત્યુ થયું હતું. આ કિસ્સામાં, બાળકનું અલ્ટ્રાસાઉન્ડ સ્કેન કરવામાં આવ્યું હતું જેથી કરીને રિપોર્ટમાં બાળકના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાય. બલરાજના પરિવારે ફ્રિજમાં રાખેલો વાસી ખોરાક ખાધો હતો, ત્યારબાદ તેમની તબિયત બગડી હતી. અહેવાલો અનુસાર, ખોરાક પણ થોડા દિવસો જૂનો હતો. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ પ્રાથમિક રિપોર્ટમાં આ ફૂડ પોઈઝનિંગનો મામલો હોવાનું બહાર આવ્યું છે. તેમણે જણાવ્યું કે મૃતક બાળકના માતા-પિતાની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

### તમામ આરોપીઓ નિર્દોષ જાહેર કરાયા

# ચકચારી રુપ કંવર સતી કાંડમાં ૩૭ વર્ષ બાદ કોર્ટનો ચુકાદો

। (એજન્સી) જયપુર, તા.૯ ।

દેશના ચર્ચિત રુપ કંવર સતી કાંડમાં ૩૭ વર્ષ બાદ કોર્ટનો ચુકાદો આવ્યો છે. જયપુરની વિશેષ કોર્ટે આ કેસના તમામ ૮ આરોપીઓને નિર્દોષ જાહેર કરીને છોડી મૂક્યાં છે. આ કેસના આઠ આરોપીઓમાં શ્રવણ સિંહ, મહેન્દ્ર સિંહ, નિહાલ સિંહ, જિતેન્દ્ર સિંહ, ઉદય સિંહ, નારાયણ સિંહ, ભંવર સિંહ અને દશરથ સિંહ છે. રાજસ્થાનના જયપુરમાં રહેતી ૧૮ વર્ષની રૂપ કંવરના લગ્ન સીકર જિલ્લાના દિવરાલામાં મલ સિંહ શેખાવત સાથે થયા હતા. લગ્નના ૭ મહિના પછી માંદગીના કારણે માલ સિંહનું અવસાન થયું. આ પછી રુપ કંવર ૪ સપ્ટેમ્બર ૧૯૮૭ના રોજ પતિની ચિતા સાથે સળગીને સતી થઈ હતી. ગામલોકોએ



દિવરાલામા ચિતા સ્થળ પર એક મંદિર બનાવ્યું હતું અને ચુનરી મહોત્સવ પણ ઉજવ્યો હતો. રુપ કંવરના સતી થયા બાદ દેશભરમાં હોબાળો મચ્યો હતો.

તપાસમા જાણવા મળ્યું કે રૂપ કંવરે સ્વેચ્છાએ સતી થઈ નહોતી પરંતુ તેની પર સતી થવાનું દબાણ કર્યું હતું. તે સમયે રાજસ્થાનના મુખ્યમંત્રી હરદેવ જોશી હતા. તેમણે હાઈકોર્ટમાં ૩૯ લોકો વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. તે બધા પર દિવરાલા ગામમાં એકઠા થઈને સતી પ્રથાની મહિમા કરવાનો આરોપ હતો.

### ત્રણ ગુજરાતી ખેલાડીઓનો જલવો

# આઈસીસી રેન્કિંગમાં લેટેસ્ટ યાદી જાહેર કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

તાજેતરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ(ICC)એ રેન્કિંગ જાહેર કરી છે. આ રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓ ઉપરાંત ત્રણ ગુજરાતી ખેલાડીનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું છે. આ ત્રણ ગુજરાતી ખેલાડી રવિન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા, જસપ્રિત બુમરાહ છે. બાંગ્લાદેશ સામે રમાયેલી પહેલી T20 મેચમાં શાનદાર પ્રદર્શન કરનાર હાર્દિક પંડ્યાએ ઓલરાઉન્ડરોની રેન્કિંગમાં ચાર રેન્કની છલાંગ લગાવી છે. હવે હાર્દિકની નજર વિશ્વનો નંબર વન ઓલરાઉન્ડર બનવા પર રહેશે. જો બાંગ્લાદેશ સામે T20 સીરિઝની આગામી બે મેચોમાં હાર્દિકનું પ્રદર્શન શાનદાર રહેશે તો તે T20 ક્રિકેટ માટે ICC ઓલરાઉન્ડરોની રેક્રિંગમાં



પહેલું સ્થાને મેળવી શકે છે. તે ૨૧૬ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. અત્યારે ઈંગ્લેન્ડનો ખેલાડી લીયામ લિવિંગસ્ટન પહેલા સ્થાન પર છે.

આ સિવાય બીજા સ્થાન પર નેપાળનો દીપેન્દ્ર સિંહ છે. જયારે હાર્દિક પછી ઓસ્ટ્રેલિયાનો ખેલાડી માર્કસ સ્ટોયનિસ ચોથા ક્રમે છે. બાંગ્લાદેશ સામેની ૨ મેચની ટેસ્ટ સીરિઝમાં રવીન્દ્ર જાડેજાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ સીરિઝમાં જાડેજાએ બોલિંગ અને બેટિંગ બંનેમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

# ફરી એકવાર ઇલેક્ટ્રિક બાઇકમાં અચાનક આગ ફાટી નીકળી

। (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૯ ।

કેરળના તિરુવનંતપુરમમાં ચાલતી ઈલેક્ટ્રિક બાઈકમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. બાઈકની સીટમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગે છે. જેથી ડરથી બાઈક સવાર વ્યક્તિ તેને સાઈડમાં ઊભું રાખીને ત્યાંથી ઝડપથી ભાગી જાય છે. તેના થોડા જ સમયમાં આખી ઈલેક્ટ્રિક બાઈક આગની લપેટમાં આવી જાય છે અને બળીને ખાક થઈ જાય છે. કટ્ટક્કડા ફાયર પોલીસના જણાવ્યા



અનુસાર આ અકસ્માત ત્યારે થયો જ્યારે રાહુલ નામનો યુવક તેના મિત્ર સાથે આ ઈલેક્ટ્રિક બાઈક પર કોલેજ જઈ રહ્યો હતો. એવામાં અચાનક સ્કૂટર ઝડપથી ગરમ થયું અને ધુમાડો નીકળવા લાગ્યો. ધુમાડો જોઈને સ્કૂટર સવારો ગભરાઈ ગયા અને બાઈકને રોડની બાજુમાં પાર્ક કરીને દૂર ઊભા રહી ગયા. થોડી જ વારમાં સ્કૂટરમાં આગ લાગી. થોડી જ વારમાં આગએ બાઈકને લપેટમાં લીધું હતું અને તે સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. હજુ સુધી આગનું કારણ જાણી શકાયું નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે આ ઘટના શોર્ટ સર્કિટ અથવા બેટરીમાં વધુ ગરમ થવાને કારણે થઈ હોઈ શકે છે. સદનસીબે સ્કૂટર સવારોને કોઈ નુકસાન થયું ન હતું. આ અકસ્માતે ઈલેક્ટ્રિક બાઈકની સુરક્ષાને લઈને અનેક સવાલો ઉભા કર્યા છે. સોશિયલ મીડિયા યુઝર્સ પૂછી રહ્યા છે કે શું ઈલેક્ટ્રિક વાહન કંપનીઓ બેટરી અને ચાર્જિંગ સિસ્ટમને સુધારવા માટે પર્યાપ્ત પગલાં લઈ રહી છે કે નહી. આ સિવાય ઈલેક્ટ્રિક બાઈક ચાલકોને સલાહ આપવામાં આવી રહી છે કે તેઓ આવી ઘટનાઓથી બચવા માટે બેટરીને યોગ્ય રીતે ચાર્જ કરે અને ચાર્જિંગ દરમિયાન હંમેશા સતર્ક રહે.

## તંત્રી લેખ...

# એક્ઝિટ પોલનાં તારણો બાદ મૂરઝાયેલા ચહેરા ખીલી ઉઠ્યા


હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં અત્યાર સુધીનાં રિઝલ્ટ એવાં આવ્યાં છે કે જેની ભાજપે પણ ખુદ આશા નહીં રાખી હોય. એક્ઝિટ પોલનાં તારણો બાદ મૂરઝાયેલા ચહેરા અચાનક ખીલી ઉઠ્યા. સવારની શરૂઆતની ગણતરીમાં કોંગ્રેસની એકતરફી જીત થાય તેવું દેખાતું હતું, પરંતુ તેની ખુશી કલાકમાં તો ગુમ થઈ ગઈ અને બાજી પલટી ગઈ. અત્યારે આવી રહેલાં વલણો જોતાં ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે જીતની હેટ્રિક મારવા જઈ રહી છે. કિસાન-જવાન -પહલવાન દ્વારા કોંગ્રેસે જૂઠ્ઠાણાં તો ખૂબ ચલાવ્યાં પરંતુ ભાજપ આખરે જીતી ગઈ અને માત્ર જીતી જ નહીં, પ્રદેશમાં પોતાની અત્યાર સુધીની સૌથી મોટી જીત હાંસલ કરવા જઈ રહી છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે કિસાન-જવાન-પહલવાન મુદ્દા પર આક્રમકતાથી વિમર્શ ચલાવ્યો. કિસાન આંદોલનના બહાને ભાજપને ઘેરવાની તૈયારી કરી. ૭ ગેરંટીઓના નામે લલચામણા વાયદા કર્યા. આ રીતે કોંગ્રેસે ચૂંટણી દરમ્યાન ભાજપ વિરુદ્ઘ મજબૂત વિમર્શ ઊભો કર્યો હતો. નેતાઓનો આત્મવિશ્વાસ સાતમા આસમાન પર હતો. તમામ એક્ઝિટ પોલ પણ કોંગ્રેસની પ્રચંડ જીતની ભવિષ્યવાણી કરી રહ્યા હતા, પરંતુ પાર્ટીનો અતિ આત્મવિશ્વાસ અને અતિ આક્રમકતા જ તેના વિરુદ્ઘ ગઈ. પાર્ટીએ પહેલવાનોના આંદોલનને એક રીતે જાટ અસ્મિતા સાથે જોડવાની કોશિશ કરી. ઓલિમ્પિકમાં વધુ વજનને કારણે ઓલિમ્પિક મેડલ ગુમાવનારી વિનેશ ફોગટ અને સાથે બજરંગ પુનિયાને પાર્ટીમાં સામેલ કરીને ફોગટને જુલાના વિધાનસભાથી મેદાનમાં પણ ઉતારી. આ બધા વચ્ચે જાણે-અજાણે કોંગ્રેસે જાટ વિરુદ્ઘ બિનજાટ ધ્રુવીકરણ કરી નાખ્યું. ભાજપે ચૂંટણી પહેલાં જ દુષ્યંત ચૌટાલાની જેજેપીથી અંતર રાખી લીધું, કારણ કે તેને અંદાજો થઈ ગયો હતો કે તેને ચૂંટણીમાં જાટ વોટ નથી મળવાના. જાટ વિરુદ્ઘ બિનજાટ ધ્રુવીકરણનો ભાજપને સીધો ફાયદો થયો. આવતાં પરિણામો જોતાં લાગે છે કે ભાજપને બિનજાટ ઓબીસીની સાથે જ દલિત મતો પણ ખૂબ મળ્યા છે. ભાજપ સામે ઘણા પડકારો હતા. ૧૦ વર્ષની સત્તાવિરોધી લહેર તેના માટે મોટો પડકાર હતો. ચૂંટણીથી ઠીક પહેલાં ભાજપે વાયદો કર્યો કે તે ૨૪ પાકો પર એમએસપી આપશે. અગ્નિવીરોને વ્યાજમુક્ત લોન આપવાનું એલાન કર્યું. પરંતુ કોંગ્રેસનો બહુ હોબાળો જાટ-બિનજાટ ધ્રુવીકરણને હવા આપી ગયો.

# મેરિટલ રેપ એટલે કે વૈવાહિક દુષ્કર્મના કેસો પણ અપરાધના દાયરામાં આવશે

ફિલ્મી અદાલતોમાં સૌથી પ્રચલિત ડાયલોગ હોય છે. કાનૂન કો સબૂત ચાહિએ. જો એ માની લઈએ કે સુપ્રીમ કોર્ટના ચુકાદાથી મેરિટલ રેપ એટલેકે વૈવાહિક દુષ્કર્મના કેસો પણ અપરાધના દાયરામાં આવી જશે, તો તેના પછી સૌથી મોટો સવાલ પુરાવાનો રહેશે. કાયદા અનુસાર ફરિયાદ નોંધાયા બાદ પોલીસ દુષ્કર્મ પીડિતાની મેડિકલ તપાસ કરે છે. વિવાહિત મહિલાની મેડિકલ તપાસમાં સેક્સ સંબંધોની પુષ્ટિ થવી સ્વાભાવિક છે. રેપના કેસો બિનજામીનપાત્ર હોય છે, જેમાં ૧૦ વર્ષથી લઈને આજીવન કારાવાસની સજા થાય છે. ફરિયાદ બાદ મિકેનિકલ રીતે પોલીસ દ્વારા ધરપકડ અને અદાલતોમાં જામીનની અરજી રદ્દ કરવાનું ચલણ વધ્યું છે. કેટલાય વર્ષ બાદ જ્યારે કેસમાં ટ્રાયલ શરૂ થશે, તો પુરાવાને લઈને પ્રશ્ન ઊભા થશે. બેડરૂમમાં પતિ -પત્ની સિવાય ત્રીજો વ્યક્તિ કે સીસીટીવી નથી હોતા. એ નિજતાનું પણ ઉલ્લંઘન છે. સહમતિ વગર જબરદસ્તી બનાવેલા સંબંધ, એટલે કે મેરિટલ રેપમાં શું માત્ર પત્નીના નિવેદનોના આધાર પર જ પતિને સજા આપી દેવાશે? આ સવાલ કાયદાના સંભવિત દુરુપયોગનો નહીં, પરંતુ અપરાધશાસ્ત્રના બુનિયાદી નિયમો સાથે જોડાયેલો છે. મેરિટલ રેપ જો અપરાધ જાહેર થઈ જાય તો આ કાયદો તમામ ધર્મોના વિવાહિત પુરુષો પર લાગુ થશે. મેરિટલ રેપને અપરાધનો દરજ્જો આપનારા લોકોની ત્રણ મોટી દલીલો હોય છે - પહેલું, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે અનુસાર ૨૯ ટકા મહિલાઓ પારિવારિક હિંસા અને યૌન ઉત્પીડનનો શિકાર થાય છે. વૈવાહિક દુષ્કર્મ શારીરિક હિંસાની સાથે જ માનસિક રીતે પણ પીડાદાયક હોય છે. બીજું, નવા બીએનએસ કાયદાની કલમ ૬૩માં આપેલ કાનૂની અપવાદથી વિવાહિત મહિલાઓને રેપના દાયરાથી બહાર રાખવી બંધારણના અનુચ્છેદ-૧૪ અને ૧૫નું ઉલ્લંઘન છે. વિવાહિત મહિલાઓને પણ રેપ વિરુદ્ઘ કાનૂની સુરક્ષા મળવી જોઇએ. ત્રીજું, કોઇપણ પુરુષ કે પતિને સ્ત્રી સાથે જબરદસ્તી સંબંધ બનાવવાનો અધિકાર નથી. અંગ્રેજો વખતના આઈપીસી કાયદામાં વિવાહિત પુરુષોને અપાયેલી સુરક્ષા પિતૃ સત્તાત્મક છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકામાં મેરિટલ રેપને અપરાધ માનવામાં આવ્યો છે. તેથી ભારતમાં સુપ્રીમ કોર્ટે પ્રગતિશીલ દષ્ટિકોણથી ચુકાદો આપવો જોઇએ. તેનો વિરોધ કરનારા લોકો પણ ત્રણ દલીલ કરે છે. પહેલી, શારીરિક હિંસા માટે પતિઓ વિરુદ્ઘ કાયદામાં જોગવાઇ છે. ઘરેલુ હિંસા વિરુદ્ઘ ૨૦૦૫માં બનાવવામાં આવેલ કાયદામાં યૌન શોષણ પણ જોડાયેલું છે. કાયદા અનુસાર, પીડિતાને ક્રૂરતાના આધાર પર છૂટાછેડા સાથે ગર્ભપાતનો પણ અધિકાર છે. બીજું, નિર્ભયા કાંડ બાદ જસ્ટિ જેએસ વર્મા કમિટીએ તેને અપરાધની શ્રેણીમાં મૂકવાની ભલામણ કરી હતી, જેને તત્કાલીન યુપીએ સરકારે નહોતી માની. ત્રીજું, મેરિટલ રેપ સંબંધી કાયદામાં બદલાવ માટે અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને યુએનની એજન્સીઓનું દબાણ છે. દહેજ ઉત્પીડન કેસોમાં આઈપીસીની કલમ ૪૯૮-એના દુરુપયોગ વિરુદ્ઘ સંસદ અને સુપ્રીમ કોર્ટમાં થઈરહેલી ચર્ચા સાથે મેરિટલ રેપ સાથે જોડાયેલ વિષયો પર પણ વિમર્શ થવો જોઈએ. સરકારે સંસદમાં વારંવાર કહ્યું છે કે ભારતીય સમાજમાં વિવાહને એક પવિત્ર સંસ્કાર માનવામાં આવે છે. મેરિટલ રેપને અપરાધ જાહેર કરવા પર વિવાહ સંસ્થા કમજોર થવાની સાથે કાયદાનો દુરુપયોગ વધશે, તેથી એ અપવાદ હટવો ન જોઈએ. આ જ તર્કોના આધારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું છે. ગત સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટિસે કહ્યું હતું કે જો સરકારે જવાબ ન આપ્યો તો તેઓ બંધારણ અનુસાર કેસનો નિકાલ કરશે. તેથી આ મામલે બંધારણીય બિંદુઓનું આકલન પણ જરૂરી છે. પહેલું, સુપ્રીમ કોર્ટના ૧૩ જજોની બેંચે કેશવાનંદ ભારતી ચુકાદામાં સરકાર, સંસદ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે શક્તિઓના વિભાજન પર મહોર લગાવી હતી. બંધારણ અનુસાર, લગ્નનો વિષય સમવર્તી સૂચિમાં આવે છે. આ મામલે કેન્દ્ર સરકારે રાજ્યોનું મંતવ્ય માગ્યું હતું. ૧૯ રાજ્યોમાંથી ૧૦ રાજ્યોએ વિરોધમાં, ત્રણ રાજ્યોએ સમર્થનમાં અને છ રાજ્યોએ અસ્પષ્ટ મંતવ્ય આપ્યાં હતાં.

**પૌરાણિક કથા મુજબ દક્ષ યજ્ઞમાં સતીએ પોતાના દેહને પ્રજવલિત કર્યો, ત્યારબાદ હિમાચલનાં ઘરે પાર્વતી તરીકે જન્મ લીધો**

# મહાગૌરીની આરાધનાથી તીવ્ર બુદ્ધિ તેજોમય બની કલ્યાણરૂપી શિવ સાથે હસ્ત મેળાપ કરશે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શરીરમાંથી લોહી ઉડી જાય છે, શરીર કાળુ પડી જાય છે, ત્યારે સ્વયં ભગવાન ભોળાનાથ આવી તેમને ગંગાજળથી સ્નાન કરાવે છે, અને તેઓ મહા ગૌરી સ્વરૂપે પ્રગટ થાય છે, તો બીજી કથા મુજબ શુંભ નિશુંભનો વધ કરવા માટે મહાકાળીનું સ્વરૂપ પણ ધારણ કર્યું, અને ભગવાન શંકર તેમને કાળી કહીને ચીડવે છે.**

સમયનું ચક્ર તેજ ગતિએ આગળ વધી રહ્યું છે, અને આજે નવરાત્રીનો આઠમો દિવસ એટલે કે મા મહાગૌરી સ્વરૂપની આરાધનાનો દિવસ. માતાએ સંપૂર્ણપણે શ્વેત વસ્ત્ર અને શ્વેત આભૂષણો ધારણ કર્યા છે, તેમનું વાહન વૃષભ છે, એટલે કે ધર્મનું વાહન છે, અને તેમનો ગૌરવર્ણો દેહ અત્યંત કાંતિ ધરાવતો તેજસ્વી દિસે છે. પૌરાણિક કથા મુજબ દક્ષ યજ્ઞમાં સતીએ પોતાના દેહને પ્રજવલિત કર્યો, અને ત્યારબાદ હિમાચલનાં ઘરે પાર્વતી તરીકે જન્મ લીધો. દેવર્ષિ નારદને પોતાના ગુરુ બનાવી પાર્વતી ભોલેનાથ શિવશંકરને પામવા માટે કઠોર તપશ્ચર્યા કરે છે, પછી તો તેમણે ખોરાક તરીકે લેવાતાં વનસ્પતિના પર્ણો પણ ત્યજી દીધાં હતાં અને આથી તેને અપર્ણા પણ કહેવાય છે. શરીરમાંથી લોહી ઉડી જાય છે, શરીર કાળુ પડી જાય છે, ત્યારે સ્વયં ભગવાન ભોળાનાથ આવી તેમને ગંગાજળથી સ્નાન કરાવે છે, અને તેઓ મહા ગૌરી સ્વરૂપે પ્રગટ થાય છે. તો બીજી કથા મુજબ શુંભ નિશુંભનો વધ કરવા માટે મહાકાળીનું સ્વરૂપ પણ ધારણ કર્યું, અને ભગવાન શંકર તેમને કાળી કહીને ચીડવે છે, આથી તેઓ બ્રહ્માની કઠિન તપસ્યા કરે છે, અને બ્રહ્માજી તેમને માન સરોવરમાં સ્નાન કરવા કહે છે, ત્યારબાદ મહાગૌરી સ્વરૂપ રૂપે પ્રગટ થાય છે, તો આ બધી વાત થઈ નવદુર્ગાના આઠમા સ્વરૂપની. પરંતુ શંકરપ્રિયા સતી અને પાર્વતી બંને વચ્ચેના તફાવતની વાત કરીએ તો સતી એટલે તીવ્ર બુદ્ધિ અને પાર્વતી એટલે તેજોમય શ્રદ્ધા. કાલિકા મહાલક્ષ્મી અને સરસ્વતી એ મુખ્ય ત્રણ સ્વરૂપના ત્રણ ત્રણ દિવસ એમ કરીને નવ દિવસની આરાધના હોય છે. કાલિકા એટલે કે ક્રિયાનો તમસ ગુણ પકડાઈ જાય તો જ દ્રવ્યનું (રજસનું) મહત્વ સમજાય, અને બુદ્ધિ ધીરે-ધીરે કોઈની અનુગામી બને એટલે કે એમાં શ્રદ્ધાનો ઉમેરો થાય! અને પછી બુદ્ધિ માંથી સત્વ રજસ અને તમસ આ ત્રણેય ગુણનો ભેદ સમાપ્ત થાય, એટલે કે આપણી શ્રદ્ધા ત્રિગુણાતિત થાય, ત્યારે સાચું જ્ઞાન લાધે. પરંતુ કાળ ગણનાની રીતે આપણે કળિયુગમાં વસીએ છીએ, અને અહીં પહેલા ત્રણ દિવસતો તમસને ઓળખવામાં જ જાય છે, અને બીજા ત્રણ દિવસને અંતે માંડ માંડ તમસ પકડાય છે. એટલે કે આપણી યાત્રા છ દિવસ સુધી તમસનાં અંધકારની આસપાસ જ ફરતી હોવાથી, સાતમે દિવસે કાળરાત્રિ ખુદ આપણા વિકારોને ગ્રસી લે છે, વિકારોરૂપી અસુરનો વધ કરે છે, અને આપણી શ્રદ્ધા જ મહાગૌરી સ્વરૂપે અંતરમાં સ્થાપિત થાય છે, એવો અર્થ આપણને વધુ નજીક પડે છે. આ કથાનકનું એક અલગ રીતે ચિંતન કરીએ તો અહીં ત્રણ વાત મુખ્ય છે, એક તો બુદ્ધિમાં કલ્યાણરૂપે શંકર સાથે હસ્તમેળાપ કરવાનો વિચાર આવે! એ માટે થઈને કોઈ ગુરુનું માર્ગદર્શન લેવું, એ બીજી વાત! અને કલ્યાણ રૂપે શંકરને પામવા ખૂબ આકરી તપશ્ચર્યા કરવી, ત્યારે બુદ્ધિ તીવ્રમાંથી તેજોમય થાય છે. એટલે કે બુદ્ધિની તીવ્રતા ધીરે ધીરે તેજમાં રૂપાંતર થાય છે, અને બુદ્ધિ શ્રદ્ધામાં રૂપાંતરિત થાય છે. પછી તે અન્ય પ્રકારના ખેલ છોડી દે છે, એટલે કે ષડયંત્ર રચવાનું છોડી દે છે, અને પૂર્ણપણે પરમમાં શરણાગત થઈ જાય છે. આ રીતે જોઈએ તો બુદ્ધિ, વિવેક બુદ્ધિ એટલે ગીતાના ન્યાયે સ્મૃતિ લબ્ધા, શું યાદ રાખવું અને શું ન યાદ રાખવું એનો વિવેક, સ્મૃતિથી મેધા, અને મેધા થી પ્રજ્ઞા એમ ચાર કક્ષામાં પરિભ્રમણની યાત્રા કરે, એટલે કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ રીતે એકદમ પરમ તત્વની નજીક આવે છે. પ્રજ્ઞા એટલે ત્રિગુણાતિત શ્રદ્ધા! જેને પોતાના માટેની ઈચ્છા તો ઠીક પણ પોતાની કોઈ ક્રિયા પણ રહેતી નથી, કેવળ અને કેવળ કલ્યાણ એ જ મહામંત્રની તે આનુગામી બને છે. તો આવો આપણે પણ આ શારદીય નવરાત્રિની આઠમે મા મહાગૌરીની આરાધના કરી તીવ્ર બુદ્ધિને તેજોમય બનાવવા કલ્યાણરૂપી શિવ સાથે હસ્ત મેળાપ કરીએ.

**★ શક્રાદય સ્તુતિ★**

**દેવા ઉચુ:**
**ભગવત્યા કૃતં સર્વંન કિન્ચિદવશિષ્યતે**
**યદયં નિહતઃ શત્રુરસ્માકં મહિષાસુરઃ**

આપ ભગવતીએ બધી ઈચ્છા પૂરી કરી દીધી છે, હવે કંઈપણ બાકી રહ્યું નથી. (૩૩)

કારણકે અમારો આ શત્રુ મહિસાસુર માર્યો ગયો છે, એમ હોવા છતાં પણ હે મહેશ્વરી! તમે અમને જો કોઈ વરદાન આપવા ઈચ્છો છો.(૩૪)

**યદિ ચાપિ વરોદેયસ્ત્વયાડસ્માકં મહેશ્વરિ**
**સંસ્મૃતા સંસ્મૃતા ત્વં નોહિંસેથાઃ પરમાપદઃ**

તો અમે જ્યારે જ્યારે આપને યાદ કરીએ ત્યારે ત્યારે દર્શન આપીને અમારા મહાન સંકટ દૂર કરતા રહેજો.(૩૫)

**યશ્ચ મર્ત્યઃ સ્તવૈરેભિસ્ત્વાં સ્તોષ્યત્યમલાનને**
**તસ્ય વિત્તર્દ્ધિવિભવૈર્ધનદારાદિસમ્પદામ્**
**વૃદ્ધયેડસ્મત્પ્રસન્ના ત્વં ભવેથાઃ સર્વદામ્બિક**

હે પ્રસન્નવદના અંબિકા! જે મનુષ્ય આ સ્તોત્ર વડે તમારી સ્તુતિ કરે તેને ધન સમૃદ્ધિ અને વૈભવ આપવાની સાથે તેની ધન તથા સંપત્તિ વગેરે વધારવા માટે તમે હંમેશા અમારા પર પ્રસન્ન રહેજો. ઈન્દ્ર આદિ દેવતાઓ પોતાના જીવન તથા ભોગ ઈત્યાદી સુરક્ષિત કરવા દેવીની સ્તુતિ કરી રહ્યા છે. દેવી જ્યારે વરદાન માંગવા કહે છે, ત્યારે દેવતાઓ કહે છે કે, મા તમે અમારા શત્રુનો સંહાર કરીને અમને બધું જ આપી દીધું છે, હવે અમને કંઈ જોતું નથી, તેમ છતાં અમે યાદ કરીએ ત્યારે તમે અમને દર્શન આપજો. આજે દુર્ગાષ્ટમી છે એટલે કે માતાનાં આ પરમ પાવન કલ્યાણકારી દિવસો પુરા થઈ રહ્યાં છે. ઘણાનેં ત્યાં આઠમના ઉપવાસ કરે, આઠમના યજ્ઞ થાય, આઠમના નૈવેદ્ય થાય. મહાગૌરી સ્વભાવે શાંત અને ભક્તને અભયના વરદાન દેનારી છે, તેમજ શ્વેતાંબર વસ્ત્ર ધારણ કરનારી છે. સાધના ના આઠમા શિખરે સાધકની વૃત્તિઓમાં રાગનું પ્રમાણ ઘટીને અનુરાગ પ્રસ્થાપિત થતો જોવા મળે તો, સમજવું કે નવદુર્ગાનું મહાગૌરી સ્વરૂપ હવે નિત્ય નિવાસ કરશે, અને પછી તેની જિંદગીમાં સાદગીનો એક સફેદ રંગ ધીરે-ધીરે સ્થાન લેતો દેખાય છે, અથવા તો મા મહાગૌરીની ઉપાસનાથી જીવ સાદગી ભર્યા જીવન સુધી પહોંચી શકે છે.આ ઉપરાંત માતાજી વૃષારૂઢા એટલે કે વૃષભ પર સવાર થયેલી છે. વૃષભને આપણે ત્યાં ધર્મનું પ્રતિક માનવામાં આવે છે, માતાના સાનિધ્યમાં રહેવા માટે ધર્મનો હાથ પકડીને જવાથી જલ્દી પહોંચાય છે. આઠમના મંદિરોમાં યજ્ઞ પણ થતા હોય છે, સદગુરુ કૃપા જીણું જીણું કાંતીને આપણને કેમ નિત્યાનંદ કે સચ્ચિદાનંદ સુધી પહોંચી શકાય, એ માટે સતત જહેમત ઉઠાવી રહી છે. સત્ય અનુભવવા માટે જીવનને સુધારવું પડશે, જીવનને શણગારવું પડશે, તેમજ જીવનના સંઘર્ષને સહર્ષ સ્વીકારવા પડશે! બસ આમ જીવન યજ્ઞમાં આવી આહુતિ આપવી પડશે એ સત્ય સુધી જીવ પહોંચી જાય તો પછી મા અંબાના રખવાળા છે! અને પછી જે મસ્તી છવાય ત્યારે જ ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ ના રઢિયાળી રાતનો રંગ જોજે જાય ના!; એમ ભક્તિ સાદગીની પરાકાષ્ઠાનો રાસ રમશે. જય અંબે.

**કેટલાક ઘરોમાં, મહાઅષ્ટમી તિથિ પર કન્યા પૂજા કરવામાં આવે છે, પરંતુ કેટલાક ઘરોમાં કન્યાની પૂજા મહાનવમી તિથિ પર કરાવે છે**

# નવલાં નોરતાંની રમઝટ-૮, યા દેવી સર્વભૂતેષુ મહાગૌરી રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આસો સુદ સાતમને ગુરૂવાર એટલે કે આજે નવરાત્રીનો આઠમો દિવસ છે, નવરાત્રીના આઠમા દિવસે માતાના આઠમા સ્વરૂપમાં મહાગૌરીની પૂજા કરવામાં આવે છે, નવરાત્રી દરમિયાન માતાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે, નવરાત્રિનો આઠમો દિવસ ખૂબ જ મહત્વ ધરાવે છે, આ દિવસે કન્યા પૂજા પણ કરવામાં આવે છે, માં મહાગૌરીનો રંગ ખૂબ જ ગોરો છે, તેણીને ચાર હાથ છે અને માતા બળદ પર સવારી કરે છે.**

આજે નવરાત્રીનો આઠમો દિવસ છે અને આ દિવસે મા દુર્ગાના આઠમા સ્વરૂપ મહાગૌરીની પૂજા કરવાનો નિયમ છે. મા દુર્ગાની આઠમી શક્તિ મૂળ ઘરનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમની પૂજા કરવાથી સોમ ચક્ર જાગૃત થાય છે. દેવી ભાગવત પુરાણ અનુસાર, નવ સ્વરૂપો અને દશ મહાવિધ આદિશક્તિના તમામ ભાગો અને સ્વરૂપો છે, પરંતુ મહાગૌરી હંમેશા મહાદેવ સાથે અર્ધાંગિનીના રૂપમાં રહે છે. તેમની શક્તિ અવિશ્વસનીય અને હંમેશા ફળદાયી છે. મહાગૌરીની કૃપાથી તમામ પરેશાનીઓ દૂર થાય છે અને દરેક અશક્ય કાર્ય પૂર્ણ થાય છે. કેટલાક ઘરોમાં, મહાઅષ્ટમી તિથિ પર કન્યા પૂજા કરવામાં આવે છે, પરંતુ કેટલાક ઘરોમાં કન્યાની પૂજા મહાનવમી તિથિ પર કરવામાં આવે છે. આસો સુદ સાતમને ગુરૂવાર એટલે કે આજે નવરાત્રીનો આઠમો દિવસ છે. નવરાત્રીના આઠમા દિવસે માતાના આઠમા સ્વરૂપમાં મહાગૌરીની પૂજા કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન માતાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. નવરાત્રિનો આઠમો દિવસ ખૂબ જ મહત્વ ધરાવે છે. આ દિવસે કન્યા પૂજા પણ કરવામાં આવે છે. માં મહાગૌરીનો રંગ ખૂબ જ ગોરો છે. તેણીને ચાર હાથ છે અને માતા બળદ પર સવારી કરે છે. માતાનો સ્વભાવ શાંત હોય છે.માતા મહાગૌરી પૂજાવિધિ નવરાત્રિના સાતમને આઠમા દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને સ્નાન કર્યા પછી સ્વચ્છ વસ્ત્રો પહેરીને માતાના મંત્રનો જાપ કરતાં ધ્યાન કરવું. આ પછી પૂજા સ્થાન પર હંમેશની જેમ ગંગા જળનો છંટકાવ કરો અને પાંચ દેશી ઘીનો દીવો પ્રગટાવો. ત્યારબાદ મા મહા ગૌરીની પૂજા શરૂ કરતા પહેલા માતાના કલ્યાણકારી મંત્ર ઓમ દેવી મહાગૌરી નમઃ મંત્રનો જાપ કરો. આ પછી માતાને પૂજાની સામગ્રી જેમ કે ધૂપ, દીપ, ફૂલ, ફળની રોલી અક્ષત વગેરે ચઢાવો. મહાગૌરીની પૂજામાં સફેદ ફૂલ ચઢાવો અને નારિયેળ કે નાળિયેરથી બનેલી વસ્તુઓ અર્પણ કરો. કેટલાક લોકો નવમી અને કેટલાક અષ્ટમી તિથિ પર કન્યાની પૂજા કરે છે. માતાની પૂજામાં ભક્તોએ ગુલાબી રંગના વસ્ત્રો પહેરવા જોઈએ. શા માટે છે ગૌર વર્ણઃ નવરાત્રીના આઠમા દિવસે મા મહાગૌરીની પૂજા કરવામાં આવે છે. તેમની તપસ્યાથી તેમને ગૌર વર્ણ પ્રાપ્ત થયું હતું તેણીના જન્મ સમયે તેણીની ઉંમર આઠ વર્ષની હતી. તેથી જ નવરાત્રિના આઠમા દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. તેમના ભક્તો માટે આ અન્નપૂર્ણા સ્વરૂપ છે. તે સંપત્તિ, વૈભવ અને સુખ અને શાંતિની પ્રમુખ દેવી છે. આ દિવસે દુર્ગા સપ્તશતીના મધ્યમ ચરિત્રનો પાઠ કરવો વિશેષ ફળ દાયી માનવામાં આવે છે. બીજી તરફ જે લોકો આખી નવરાત્રિમાં ઉપવાસ નથી રાખતા તેઓ માત્ર પાડવો અને અષ્ટમી તિથિના જ ઉપવાસ કરે છે અને નવમી તિથિ એ કન્યાની પૂજા કરીને ઉપવાસનું ફળ મેળવે છે. કેવો છે મહાગૌરીનો સ્વભાવઃ લૌકિક સ્વરૂપે તેમનું રૂપ ખૂબજ તેજસ્વી, કોમળ, સફેદ અને વસ્ત્રોમાં સફેદ છે. દેવીના એક હાથમાં ત્રિશૂળને બીજા હાથમાં ડમરુ છે દેવી મહાગૌરીને ગાયન અને સંગીત ગમે છે અને તે સફેદ વૃષભ એટલે કે બળદ પર સવાર છે. માતાનો જમણો હાથ અભય મુદ્રામાં છે, ડાબા હાથમાં શિવનું પ્રતીક ડમરુ છે. અને નીચેના હાથમાં માતા અભય આપી રહી છે અને એક હાથમાં માતાના ત્રિશુલને શણગારી રહી છે. ડમરુ હોવાથી મહા ગૌરીને શિવ પણ કહેવામાં આવે છે. માતાનું કાલરાત્રી સ્વરૂપ જેટલું ઉગ્ર છે એટલું જ મહાગૌરીનું સ્વરૂપ શાંત અને દશ્ય માન છે. અષ્ટમી તિથિએ તેની પૂજા કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. મહાગૌરીની કથાઃ શિવપુરાણ અનુસાર, મહાગૌરીને આઠ વર્ષની ઉંમરે તેમના પાછલા જન્મની ઘટનાઓ વિશે જાણ થઈ હતી. તેણે આ ઉંમરથી જ ભગવાન શિવને પોતાના પતિ તરીકે સ્વીકારી લીધા હતા અને શિવને પતિ તરીકે મેળવવા માટે તપસ્યા પણ કરી હતી અને તેનો વર્ણ સૂર્ય પ્રકાશના કાણે ગૌર થઈ ગયો હતો.તેથી તે મહાગૌરીથી પૂજાયા અષ્ટમી તિથિ પર મહા ગૌરીની પૂજા કરવાનો નિયમ છે. આ દિવસે દુર્ગા સપ્તશતીના મધ્યમ ચરિત્રનો પાઠ કરવો વિશેષ ફળદાયી છે. જે લોકો નવ દિવસ સુધી વ્રત રાખી શકતા નથી. તેઓ ને પ્રથમ અને આઠમા દિવસે ઉપ વાસ કરવાથી નવ દિવસનું ફળ મળે છે. દેવી ભાગવત પુરાણ અનુ સાર, મહાગૌરીનો વર્ણ ગૌર છે અને તેના વસ્ત્રો અને આભૂષણો પણ સફેદ રંગના છે.માતાનું વાહન વૃષભ એટલે કે બળદ છે જે ભગવાન શિવનું વાહન પણ છે.માતાનો જમણો હાથ અભય મુદ્રામાં છે અને નીચેના હાથમાં દુર્ગાની શક્તિનું પ્રતીક ત્રિશૂલ છે. તેમને ચારભુજાઓ છે, તેમણે એકહાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ડમરું ધારણ કરેલું છે. ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે. તેમનું વાહન વૃષભ છે એટલે 'વૃષારુઢા' તરીકે પણ ઓળખાય છે. નવરાત્રિના આઠમા દિવસે નવ દુર્ગાનાં આ સ્વરુપનું પૂજન અર્ચન કરાય છે. દેવીનો વર્ણ ગૌર છે, વસ્ત્ર આભૂષણ શ્વેત છે એટલે 'શ્વેતાંબરધરા' તરીકે પણ ઓળખાય છે. નવરાત્રિના આઠમા નોરતે માતા આદ્યા શક્તિના મહાગૌરી સ્વરુપ ની પૂજા કરવામાં આવે છે. શિવપુરાણ મુજબ, મહાગૌરીને આઠ વર્ષની ઉંમરમાં જ પોતાના પૂર્વ જન્મની ઘટનાઓનો આભાસ થઈ ગયો હતો.માટે તેમને આઠ વર્ષની ઉંમરથી જ ભગવાન શિવને પતિ રુપમાં મેળવવા માટે તપસ્યા શરુ કરી દીધી હતી, માટે અષ્ટમીના દિવસે મહાગૌરીનું પૂજન કરવાનું વિધાન છે. આ દિવસે માની પૂજામાં દુર્ગા સપ્ત સતીના મધ્યચરિત્રનો પાઠ કરવાથી વિશેષ ફળદાયી હોય છે. મહાગૌરીની પૂજા કરતી વખતે જ્યાં સુધી થઈ શકે ગુલાબીરંગના વસ્ત્રો પહેરવા જોઈએ. મહાગૌરી ગૃહસ્થ આશ્રમની દેવી છે અને ગુલાબી રંગ પ્રેમનો પ્રતિક છે.એક પરિવારને પ્રેમના તાંતણાથી બાંધી રાખે છે, માટે આજે ગુલાબી રંગ ના કપડા પહેરવા શુભ રહેશે. પૂજા પછી કુંવારી કન્યાઓને ભોજન કરાવવું અને તેમનું પૂજન કરવાથી વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે. મહાગૌરી માતા અન્નપૂર્ણા સ્વરુપ પણ છે. માટે કન્યાઓને ભોજન કરવવા અને તેમનું પૂજન સન્માન કરવાથી ધન, વૈભવ અને સુખ-શાંતિ મળે છે. મા શક્તિના સ્વરુપની પૂજા કરવા માટે નારિયેલ,હલવો,પુરી અને શાકનો ભોગ ધરાવવામાં આવે ચે. આજના દિવસે કાળા ચણાનો પ્રવાસ વિશેષરુપે બનાવાય છે.મા મહાગૌરીને શિવા પણ કહેવામાં આવે છે.તેમના એક હાથમાં દુર્ગા શક્તિનું પ્રતિક ત્રિશૂળ હોય છે તો બીજા હાથમાં શિવનું પ્રતિક ડમરુ હોય છે. પોતાના સંસારિક રુપમાં મહા ગૌરી ઉજ્વલ, કોલળ, શ્વેત વર્ણી તથા શ્વેત વસ્ત્રધારી અને ચતુ ર્ભુજા છે. મહાગૌરીને ગાયન અને સંગીત ઘણાં પસંદ છે.તેઓ સફેદ વૃષભ એટલે કે બળદ પર સવાર રહે છે. તેમના તમામ આભૂષણો વગેરે પણ શ્વેત છે. મહામારીની ઉપાસનાથી પૂર્વસંચિત પાપ નષ્ટ થઈ જાય છે.મા દુર્ગાનું આઠમું સ્વરૂપ એટલે મહાગૌરી.પૂજાના આઠમા દિવસે મહાગૌરીની ઉપાસના થાય છે.મહાગૌરીની શક્તિ અમોઘ અને સદાય ફળ દેવાવાળી છે. તેમની ઉપાસનાથી ભક્તોનાં પાપો દૂર થાય છે. ભક્ત બધા જ પ્રકારે પવિત્ર અને અક્ષય પુણ્યનો અધિકારી બને છે. મહાગૌરીનો વર્ણ પૂર્ણત ગૌર છે. આ ગૌરતાની ઉપમા શંખ,ચંદ્ર અને કુંદના ફુલ સાથે કરવામાં આવે છે. મહાગૌરીનાં વસ્ત્ર અને આભૂષણ પણ શ્વેત છે. મહાગૌરીની ચાર ભુજાઓ છે. મહાગૌરીનું વાહન વૃષભ છે. મહાગૌરીના ઉપર તરફના ડાબા હાથમાં અભય મુદ્રા અને નીચેના હાથમાં ત્રિશૂળ છે. મહાગૌરીના ઉપરના જમણા હાથમાં ડમરું અને નીચેનો હાથ વરદાન મુદ્રામાં છે. તેમની મુખ મુદ્રા અત્યંત શાંત છે. મહાગૌરીએ શિવને પ્રાપ્ત કરવા ઘોર તપશ્ચર્યા કરી હતી. કઠોર તપશ્ચર્યાને કારણે મહાગૌરી નું શરીર કાળું પડી ગયું હતું.મા મહાગૌરીનું ધ્યાન,સ્મરણ, પૂજન, આરાધન ભક્તો માટે કલ્યાણ કારી છે. મહાગૌરીની કૃપાથી અલૌકિક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મહાગૌરી ભક્તો નાં કષ્ટ દૂર કરે છે.મહાગૌરીનીઉપાસનાથી આર્તજનોના અકામ પણ થઈ જાય છે. સંધ્યાકાળનો સમય પૂજા માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે.એકસો આઠ દીવા પ્રગટાવીને કરવામાં આવે છે પૂજાઆ દિવસે દિવસે સૂવું નિષેધ માનવામાં આવે છેપાઠ કરતી સમયે અન્ય સાથે વાત કરવાથી પૂજા થાય છે ખંડિત ઘરમાં અખંડ જ્યોત રાખો તો ઘર ને એકલું ન રાખો.આ દિવસેશક્ય હોય તો વ્રત રાખો નહીં તો એક જગ્યાએ બેસીને ફળાહાર કરો આ દિવસે નખ કાપવા નિષેધ ગણવામાં આવ્યા છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આસો સુદ સાતમ નવલાં નોરતાનો આઠમો દિવસ મેઘરાજાના ખામૈયાથી ખેલૈયામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકીય હરિયાણા બીજેપી અને જમ્મુ કાશ્મીર કોંગ્રેસ માં શક્તિએ પલ્લુ બરોબર રાખ્યું છે. રાજકીય વાદ વિવાદ નહી પણ શક્તિ પર્વની ઉપાસના આરાધનાથી દિવાળી ૨૦૮૧નું નવું વર્ષ સારું જાય તેવી ઉત્તમ માનસિકતા કેળવીએ એ જ ભાવના સાથે અસ્તુ.

### એક્શન સીન કરતી વખતે ગરદનમાં ગંભીર ઈજા

# ‘ગુડચારી ૨’ના સેટ પર ઈમરાન હાશ્મી ઘાયલ

## ઈમરાનની ઘાયલ તસવીરો પણ ઈન્ટરનેટ મીડિયા પર વાયરલ થઈ થતાં ફેન્સની ચિંતા વધી ગઈ છે


અભિનેતા ઈમરાન હાશ્મીનો એક ફિલ્મના સેટ પર અકસ્માત થયો હતો, જેમાં તે ઘાયલ થયો છે. તેની ગરદન પર ઈજા થઈ છે. ઈમરાન હાશ્મીની ઘાયલ તસવીરો પણ ઈન્ટરનેટ મીડિયા પર વાયરલ થઈ થતાં ફેન્સની ચિંતા વધી ગઈ છે. ઈમરાન હાશ્મી તાજેતરમાં જ ‘ગુડચારી ૨’ની કાસ્ટ સાથે જોડાયો છે. હૈદરાબાદમાં એક ઈન્ટેન્સ એક્શન સીન શૂટ કરતી વખતે ગરદનમાં ઈજા થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે જમ્પ સિક્વન્સ દરમિયાન અભિનેતા ઘાયલ થયો હતો, જેના કારણે તેની ગરદન પર ઊંડો કટ પડ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરમાં અભિનેતાની ઈજા સાથે લોહી દેખાઈ રહ્યું છે, જેના કારણે તેના ચાહકોની ચિંતા વધી ગઈ છે. ઈમરાન હાશ્મી હૈદરાબાદમાં ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો.અહેવાલો અનુસાર, ઈમરાન હાશ્મીને આ ઈજા તે સમયે થઈ હતી જ્યારે તે એક મુશ્કેલ સ્ટંટનું શૂટિંગ કરી રહ્યો હતો. પ્રોડક્શન સેટના એક સૂત્રએ કહ્યું, ‘ઈમરાન એક એક્શન સીન શૂટ કરી રહ્યો હતો ત્યારે તેની ગરદનમાં ઈજા થઈ હતી. આ ઈજા કદાચ જમ્પિંગ સીન દરમિયાન થઈ હતી. ઈમરાન હાશ્મી ટૂંક સમયમાં ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરી શકે છે. ઓગસ્ટમાં અભિનેતા આદિવી શેષને ઈમરાન હાશ્મીની ગુડચારી ૨ માં જોડાવાની જાહેરાત કરવામાં આવી હતી, જેણે તરત જ ચાહકોને સહયોગ માટે ઉત્સાહિત કર્યા હતા. આ ફિલ્મ ઈમરાન હાશ્મીના અદિવી શેષ સાથેના બીજા તેલુગુ પ્રોજેક્ટને ચિહ્નિત કરે છે, જેણે પ્રેક્ષકોમાં અપેક્ષા ઉભી કરી છે અને તે ઉચ્ચ ઓક્ટેન જાસૂસી થ્રિલર હોવાની અપ ેક્ષા છે. ‘ગુડચારી ૨’ તેલુગુ સિનેમામાં ઈમરાન હાશ્મીનો એકમાત્ર આગામી પ્રોજેક્ટ નથી. તે પવન કલ્યાણ સ્ટારર ઓજીમાં પણ જોવા મળશે, જે ૨૦૨૫માં રિલીઝ થવાની છે.



### ફવાદ ૨૦૧૬માં આવેલી ‘એ દિલ હે મુશ્કિલ’માં જોવા મળ્યો હતા

# ફવાદની કમબેક ફિલ્મનું લંડનમાં શૂટિંગ

ફવાદ ખાનની ‘ધ લિજન્ડ્સ ઓફ મૌલા જટ્ટ’ તો ભારતમાં રિલીઝ થઈ શકી નહીં, પરંતુ તેની બોલિવૂડ કમબૅક ફિલ્મનું કામ યોગ્ય ગતિમાં ચાલી રહ્યું હોવાના અહેવાલો છે. હાલ આ ફિલ્મનું નામ ‘અબીર ગુલાલ’ હોવાનું કહેવામાં આવી રહ્યું છે, છેલ્લે ફવાદ ૨૦૧૬માં આવેલી ‘એ દિલ હે મુશ્કિલ’માં જોવા મળ્યો હતો. તાજેતરના અહેવાલો અનુસાર, ફવાદ ખાન અને વાણી કપૂરે આ ફિલ્મ માટે લંડન ખાતે ૨૮ સપ્ટેમ્બરથી શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે. ત્યાર બાદ તે ભારતમાં શૂટ માટે આવે તેવી પણ શક્યતાઓ છે. ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, ‘‘આ ફિલ્મ લંડનમાં રહેતા એક શેફ તેમજ એક સીધી સાદી ભારતીય છોકરીની સ્ટોરી છે, જે લંડનની મુલાકાતે ગઈ હોય છે. આ ફિલ્મ માટે ૧૦ નવેમ્બર સુધી લંડનમાં શૂટ ચાલશે. થોડાં દિવસો પછી મલાઈકા અરોરા અને રિદ્ધી ડોગરા પણ શૂટ માટે લંડન પહોંચશે. ત્યાર પછી ફવાદ પાકિસ્તાન પાછો ફરશે, જ્યારે ફિલ્મની ટીમ મુંબઈમાં આગળનું શૂટ કરશે. તાજેતરના અહેવાલો અનુસાર, ફવાદ ખાન અને વાણી કપૂરે આ ફિલ્મ માટે લંડન ખાતે ૨૮ સપ્ટેમ્બરથી શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે મોટા ભાગના દૃશ્યો અને ગીતો લંડનમાં જ શૂટ કરવામાં આવશે.’’ ‘ઉડતા પંજાબ’, ‘સુપર ૩૦’ અને ‘વિક્રમ વેધા’ જેવી ફિલ્મોના પ્રોડ્યુસર વિવેક અગ્રવાલ આ ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યા છે તેમજ આરતી બગડી આ ફિલ્મ ડિરેક્ટ કરે છે. ૨૦૨૫ સુધીમાં આ ફિલ્મનું શૂટ પૂરું થઈ જશે. તેમજ ૨૦૨૬ની શરૂઆતમાં ફિલ્મ રિલીઝ થશે. ફવાદ ખાન અને માહિરા ખાનની ‘લિજેન્ડ્ઝ ઓફ મૌલા જટ્ટ’ પંજાબમાં ૨ ઓક્ટોબરે રિલીઝ થવાની હતી. પરંતુ તેનો વિરોધ થતાં રિલીઝ અટકાવી દેવામાં આવી છે.



### હુમા કુરેશી પહેલી વખત પોલિસ ઓફિસરના રોલમાં

# કરીના પછી હવે હુમા કુરેશી ડિટેક્ટિવ રોલમાં જોવા મળશે



## હુમાએ જણાવ્યું હતું,“મારે એ સમજવું હતું કે તંત્રનો ભાગ રહીને ન્યાય સ્થાપિત કરવા માટે એક રક્ષક તરીકે તમારી શું જવાબદારી હોય છે

હુમા કુરેશી તેની આગામી ફિલ્મ ‘બયાન’માં એક પોલિસ ડ્રામા ફિલ્મમાં એક ડિટેક્ટિવના રોલમાં જોવા મળશે અને તેના માટે તે ઘણી ઉત્સાહીત પણ છે. તેની આ ફિલ્મ બુસાનના એશિયન પ્રોજેક્ટ માર્કેટમાં પણ મોકલવામાં આવશે. બિકાસ રંજન મિશ્રાએ ડિરેક્ટ કરેલી ‘બયાન’ એક એવી મહિલા ડિટેક્ટિવ પર આધારિત ફિલ્મ છે, જે એક લીડ ઈન્વેસ્ટિગેટર તરીતે રાજસ્થાનના નાના ગામમાં પોતાના પહેલા કેસની તપાસ કરવા માટે જાય છે. જ્યાં તેના વિરોધીનો સ્થાનિક ક્ષેત્રે સમાજિક રીતે અને વહીવટીતંત્રમાં બહુ પ્રભાવ હોવાથી તેને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. સાથે તેને પોતાના સસરાની છબિને પણ જાળવી રાખવાના હોય છે. બિકાસ રંજન મિશ્રાએ જણાવ્યું હતુ કે, આ ફિલ્મ ગ્રામ્ય વિસ્તારોના મૂળમાં રહેલી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા અને તેના કારણે મહિલાઓ માટે રચાતા એક દબાણ અને સંકુચિત માહોલ પર પ્રકાશ પાડે છે. તેમણે જણાવ્યું કે તેમનો આ ફિલ્મ બનાવવા પાછળનો હેતુ કોઈ સલાહ-સૂચન કરવાનો નથી પણ આ પ્રકારના માહોલની લોકોના જીવન પર થતી અસર અને તેને દ્વારા લોકોને એ અનુભવ કરાવવાનો છે કે આ માહોલથી ખરેખર કઈ હદ સુધીના પરિણામો આવી શકે છે.હુમા કુરેશી પહેલી વખત એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. તેથી તે આ ફિલ્મ માટે ઘણી ઉત્સાહિત છે. તેણે જણાવ્યું,‘‘હું એવી ફિલ્મ પસંદ કરું છું જેની વાર્તા સાથે હું મારી જાતને જોડી શકું. હું હંમેશા અલગ અલગ પ્રકારની ફિલ્મો કરવાનો પ્રયત્ન કરું છું. જો તેમાં મને એક કલાકાર તરીકે કોઈ નવો પ્રયોગ કરવા મળતો હોય તો મને એનો ભાગ બનવું ગમે છે. મને જ્યારે ‘બયાન’ ઓફર થઈ ત્યારે હું એની વાર્તા, પાત્ર, ફિલ્મનો હેતુ અને આ વાર્તા લોકો સમક્ષ લાવવાનું પેશન મને બહુ ગમ્યું.’’

# રાવણ જેવા વિલનને પરાજય આપવા સિંઘમ સેનાની આગેકૂચ

## સિંઘમ અગેઈનઃ ભારતીય સિનેમાના સૌથી વધુ લાંબા ટ્રેલરમાં રામાયણ પ્રેરિત પાત્રોની ઝલક બતાવવામાં આવી છે

રોહિત શેટ્ટીએ ‘સિંઘમ અગેઈન’ સાથે ભવ્ય કોપ યુનિવર્સ તૈયાર કરી દીધું છે. આ ફિલ્મને રામાયણના પાત્રો અને ઘટનાથી પ્રેરિત રાખવાની સાથે દેશી એવેન્જર્સ જેવો અનુભવ કરાવવા પ્રયાસ થયો છે. સોમવારે ‘સિંઘમ અગેઈન’નું ટ્રેલર લોન્ચ થયું હતું, જેને ભારતીય ફિલ્મ જગતનું સૌથી લાંબું ટ્રેલર માનવામાં આવે છે. આ ટ્રેલરમાં સિંઘમ અને તેના સાથીદારોએ ભેગા થઈને રાવણ જેવા શક્તિશાળી અને ખૂંખાર વિલનનો સામનો કરવા માટે કૂચ કરી હોવાનું જોવા મળે છે. ‘સિંઘમ અગેઈન’નું ટ્રેલર ૪ મિનિટ ૫૮ સેકન્ડનું છે, જેમાં રોહિત શેટ્ટીના વિશાળ કોપ યુનિવર્સની ઝલક અપાઈ છે. ટ્રેલરની શરૂઆતમાં બાજીરાવ સિંઘમ અને અવની ભગવાન શ્રી રામે સીતા માતાને બચાવવા કરેલા પ્રયાસોની વાત કરે છે. આ સંવાદ પછી તરત જ અવની (કરીના કપૂર ખાન) કિડનેપ થઈ હોવાનું બતાવાય છે. જેના પગલે બાજીરાવ સિંઘમ અવનીને બચાવવાનું મિશન શરૂ કરે છે. આ મિશનમાં એક પછી એક



યોદ્ધાઓ જોડાય છે અને લંકામાં રહેતા વિલનને હરાવવા ભેગા થાય છે. તેના મુખ્ય પાત્રો દેશી એવેન્જર્સ જેવા લાગે છે. ટ્રેલરની સાથે જ દિવાળી પર ફિલ્મની રિલીઝનું એલાન કરાયું છે. રોહિત શેટ્ટીએ આ વખતે કોપ યુનિવર્સને રામાયણ સાથે કનેક્ટ કર્યું હોવાની ચર્ચા પણ થઈ રહી છે.. અજય દેવગન ભગવાન રામ અને કરીના કપૂર ખાન સીતા માતા જેવા કેરેક્ટરમાં છે. રણવીર સિંહે ભગવાન હનુમાન જેવો રોલ કર્યો છે. અક્ષય કુમાર જટાયુ બન્યા છે, જે હેલિકોપ્ટરથી એન્ટ્રી કરે છે. ટાઈગર શ્રોફને શ્રી લક્ષ્મણ જેવો આજ્ઞાંકિત અને પરાક્રમી બતાવાયો છે. દીપિકા પાદુકોણ સુગ્રીવના રૂપમાં જોવા મળશે. આ તમામ ભેગા થઈ રાવણ બનેલા અર્જુન કપૂર સામે લડાઈ કરવાના છે. ટ્રેલરમાં રણવીર સિંહ અને અક્ષય કુમારની મસ્તી તથા દીપિકા પાદુકોણની એન્ટ્રીના ભરપૂર વખાણ થઈ રહ્યા છે. દરેક કેરેક્ટરની પ્રભાવશાળી ઝલક આપી શકાય તે માટે રોહિત શેટ્ટીએ ટ્રેલરની સમય મર્યાદા પર નિયંત્રણ આપવા પ્રયાસ કર્યો નથી.

### ‘આંખો કી ગુસ્તાખિયાં’ માં પ્રજ્ઞાચક્ષુ સંગીતકાર સાથે શનાયા

# વિક્રાંત મેસ્સી સાથે શનાયા ડેબ્યુ કરશે

## શનાયા કપૂર પણ હવે તેના અન્ય ભાઈ-બહેનોની જેમ બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે

શનાયા કપૂર પણ હવે તેના અન્ય ભાઈ-બહેનોની જેમ બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. સંજય કપૂર અને મહીપ કપૂરની દિકરી શનાયા વિક્રાંત મેસ્સી સાથે ‘આંખો કી ગુસ્તાખિયાં’ ફિલ્મ સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરશે. શનાયા કપૂર પણ હવે તેના અન્ય ભાઈ-બહેનોની જેમ બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે આ અંગેના કેટલાંક અહેવાલો આવતાં થયાં છે, જે મુજબ શનાયા આ ફિલ્મમાં એક થિએટર એક્ટ્રેસના રોલમાં જોવા મળશે. જ્યારે વિક્રાંત એક પ્રજ્ઞાચક્ષુ સંગીતકારના રોલમાં જોવા મળશે. તેમની બંને વચ્ચેની આ એક લવ સ્ટોરી છે. એવું માનવામાં આવે છે કે રસ્કિન બોન્ડની સ્ટોરી ‘ધ આઈઝ હેવ ઈટ’ પરથી આ ફિલ્મ બની છે. જેમાં કરૂણા, આઝાદી અને મહત્વકાંક્ષાઓ જેવી લાગણીઓ એક સંગીત પ્રધાન વાર્તામાં સુંદરતાથી વણી લેવામાં આવશે. જેમાં કેટલાંક સરપ્રાઈઝિંગ ટ્વિસ્ટ્સ પણ હશે.આ ફિલ્મ નિરંજન આયંગર અને માનસી બગલા દ્વારા લખવામાં આવી છે, શરૂઆતમાં નિરંજન આયંગર આ ફિલ્મ ડિરેક્ટ કરવાના હોવાના અહેવાલો હતો. પરંતુ ઈમોશનલ વાર્તાઓ ડિરેક્ટ કરવામાં જેની માસ્ટરી છે એવા સંતોષ સિંઘ હવે આ ફિલ્મ ડિરેક્ટ કરવાના છે. જે પહેલાં ‘બ્રોકન બટ બ્યુટીફૂલ’ અને ‘અપહરણ’ જેવી ફિલ્મો ડિરેક્ટ કરી ચૂક્યા છે. આ ફિલ્મના પ્રોડ્યુસર માનસી અને વરુણ બગલા આ પહેલાં વિક્રાંત મેસ્સી સાથે ઓટીટી શો ‘ફોરેન્સિક’ની રીમેક પર કામ કરી ચૂક્યા છે.શનાયાને આ ફિલ્મ માટે કાસ્ટ કરવામાં આવી એ પહેલાં આ રોલ માટે તારા સુતરીયા, અલાયા એફ અને પ્રતિભા રાંટા જેવા નામો પર ચર્ચા થઈ હતી. પહેલાં તે ‘બેધડક’થી ડેબ્યુ કરવાની હતી, પરંતુ તે ફિલ્મ અભેરાઈએ ચડી ગઈ. ત્યાર બાદ તે ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’થી ડેબ્યુ કરે તેવી ચર્ચા હતી, પરંતુ તેનું કામ હજુ ચાલે છે. તેથી અંતે આ ફિલ્મમાં શનાયાની પસંદગી થઈ. ધીરજપૂર્વક રાહ જોયા બાદ હવે સ્ટારકિડ શનાયાને પહેલી સફળતા મળી છે. ઘણા સમયથી તેના ડેબ્યુની રાહ જોવાતી હતી. શનાયા આ પહેલાં તેલુગુ-મલયાલમ ફિલ્મ ‘વૃષભા’માં મોહનલાલ સાથે કામ કરી ચૂકી છે, જે ૨૦૨૪ની શરૂઆતમાં રિલીઝ થશે. આવતા મહિનાથી ‘અખિયોં સે ગોલી મારે’ ફિલ્મનું મસૂરી ખાતે શૂટ શરૂ થશે.





# કપિલ શર્માના શોની ટીઆરપીમાં ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો



## ઓટીટી પ્લેટફર્મ પર પોતાનો કોમેડી શો શરૂ કર્યા પછી તાજેતરમાં તેની બીજી સીઝન શરૂ

કપિલ શર્માએ ઓટીટી પ્લેટફર્મ પર પોતાનો કોમેડી શો શરૂ કર્યા પછી તાજેતરમાં તેની બીજી સીઝન શરૂ થઈ છે. બીજી સીઝનના પ્રીમિયરમાં આલિયા ભટ્ટ અને કરણ જોહર આવ્યાં હતાં. ત્યાર પછીના એપિસોડમાં ‘દેવરા’ ફિલ્મની ટીમ આવી હતી, જેમાં જુનિયર એનટીઆર, જ્હાન્વી કપૂર અને સૈફ અલી ખાન આવ્યાં હતાં. આ શોની પહેલી સીઝનના પ્રીમિયરને જેટલા વ્યૂઝ મળ્યા હતાં અને કરતાં બીજી સીઝનના પ્રીમિયરને અડધા જ વ્યૂઝ મળ્યાં છે, જેમાં રણબીર કપૂર સ્પેશિયલ ગેસ્ટ તરીકે હાજર રહ્યો હતો. જો આ અઠવાડિયાના નેટફિલક્સની વ્યૂઅરશિપના આંકડા જોવામાં આવે તો કપિલના શોના બે એપિસોડના થઈને ૧.૮ મિલિયન વ્યૂઝ આવ્યા છે. જે ગયા અઠવાડિયે ૧.૨ મિલિયન હતા. આમ નેટફિલક્સના દર્શકો પાસે કોઈ નવા શોના વિકલ્પ ો ન હોવા છતાં, આ અઠવાડિયે માત્ર ૬ લાખ વ્યૂઝ જ આવ્યા છે. ગયા અઠવાડિયે શો ગ્લોબલ ટોપ ૧૦ ટીવીના રેટિંગમાં આઠમા ક્રમે હતો, જે છઠ્ઠા ક્રમ સુધી પહોંચ્યો હતો. પહેલા અઠવાડિયા પછી શોના ૧.૪ મિલિયન વ્યૂઝ હતાં, હવે બે એપિસોડ આવી ગયા પછી ૪.૧ મિલિયન વ્યૂઝ છે, જેમાંથી બંનેની વ્યૂઅરશિપ સરેરાશ એક કલાકની છે. પરંતુ નેટફિલક્સ કુલ વ્યૂઅરશિપ એક ચોક્કસ સમય સુધી શો જોવાય તો જ માન્ય ગણે છે. કારણ કે દરેક વ્યક્તિ દરેક ફિલ્મ કે એપિસોડ પહેલાંથી છેલ્લે સુધી જોતી નથી.

# વરુણ, શ્રદ્ધા અને ક્રિતિ એક ફિલ્મમાં જોવા મળશે?

## છેલ્લાં ૫૦ દિવસથી કમાણીના અનેક રેકોર્ડ તોડ્યા પછી હવે આ ફિલ્મની ગતિ થોડી ધીમી પડી છે



વરુણ ધવન અને શ્રદ્ધા કપૂરની કેમેસ્ટ્રી દર્શકો ‘સ્ત્રી ૨’ના ‘ખૂબસુરત’ સોંગમાં જોઈ ચૂક્યા છે, ત્યારથી દર્શકો સ્ત્રી અને ભેડિયાના ક્રોસઓવરની રાહ જોઈ રહ્યાં છે. તેઓ રાહ જુએ છે કે ક્રિતિ સેનન, શ્રદ્ધા કપૂર અને વરુણ ધવન વિશે ટ્રાએંગલ જોવા મળશે. ત્યારે આ ફિલ્મોના ડિરેક્ટર અમર કૌશિકે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં ભાસ્કર, અનિકા અને સ્ત્રીની રોમેન્ટિક સ્ટોરીની ભવિષ્યની શક્યતાઓ વિશે વાત કરી હતી. છેલ્લાં ૫૦ દિવસથી કમાણીના અનેક રેકોર્ડ તોડ્યા પછી હવે આ ફિલ્મની ગતિ થોડી ધીમી પડી છે તાજેતરની એક ઈવેન્ટમાં જ્યારે અમર કૌશિકને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું,‘‘થઈ પણ શકે અને ન પણ થાય.’’ કારણ કે વરુણ ધવન એક ડાયલોગ બોલે છે કે, ‘મેં ભી પાવરફૂલ, મેં ભી પાવરફુલ’. આ ઉપરાંત ક્રિતિ અને રાજકુમાર રાવના પાત્રો સિવાયનું કોઈ નવું પાત્ર પણ ઉમેરાઈ શકે છે. આ સાથે ‘સ્ત્રી ૨’એ કમાણીના રેકોર્ડ તોડ્યો હોવાની ચર્ચઓ તો છે જ. છેલ્લાં ૫૦ દિવસથી કમાણીના અનેક રેકોર્ડ તોડ્યા પછી હવે આ ફિલ્મની ગતિ થોડી ધીમી પડી છે. મેડોકના યુનિવર્સમાં ઘણી સ્ટોરી એકબીજા સાથે તો વણી લેવામાં આવી છે, સાથે તેમાં ઉમેરાતા કેમિઓથી દર્શકોમાં હવે આગળની ફિલ્મો અને તેની સ્ટોરીઝ માટે ઘણી ઉત્સુકતા છે. આગળના એક ઈન્ટરવ્યુમાં અમર કૌશિકે જણાવ્યું હતું કે ‘સ્ત્રી ૩’માટેની પ્રાથમિક વાર્તા તેમના મગજમાં છે જ. મેડોક યુનિવર્સમાં ‘સ્ત્રી’ અને ‘ભેડિયા’ના ક્રોસઓવરની આતુરતા. તેથી તેમને વિશ્વાસ છે કે ત્રીજી ફિલ્મ પણ આગળની બંને ફિલ્મોની સરખામણીએ દર્શકોની અપેક્ષાઓ પર ખરી ઉતરશે. આ ફિલ્મમાં પણ રાજકુમાર અને શ્રદ્ધા ઉપરાંત પંકજ ત્રિપાઠી, અપારશક્તિ ખુરાના અને અભિષેક બેનર્જી મહત્વના રોલમાં ફરી જોવા મળશે તેવી પણ ચર્ચા છે.

# કલ્કિને ટીવી પર પ્રસારિત કરવામાં કોઈને રસ નહીં

‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેલુગુ સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એક છે. જેણે નોર્થ અમેરિકામાં ૧૮ મિલિયન ડોલરનો વકરો કર્યો હતો, જેનાથી માત્ર ‘બાહુબલી ૨’ જ આગળ છે. ભારતમાં કે ગ્લોબલી આ ફિલ્મો મોટો વકરો કર્યો હોવા છતાં હવે પ્રોડ્યુસર્સ ફિલ્મના સેટેલાઈટ હકો વેંચવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ટીમે પહેલાં સ્ટારમાં ગ્રૂપ સાથે ડીલ કરવાની કોશિશ કરી હતી, પરંતુ ચેનલે પ્રોડ્યુસર્સ દ્વારા માગવામાં આવેલી મસમોટી ફી ચૂકવવાથી ઈનકાર કરી દીધો હતો. હવે એ ગ્રૂપની જવાબદારી બની ગઈ છે, તેણે ફિલ્મના હકો મેળવવાની સહમતિ તો દર્શાવી છે, પરંતુ હજુ સુધી તેમની ડીલ ફાઈનલ થઈ નથી. પ્રભાસની વિશ્વકક્ષાએ લોકપ્રિયતાને કારણે ઓટીટી પ્લેટફર્મ્સ દ્વારા ફિલ્મના હકો સેંકડો કરોડો રૂપિયામાં થિએટરમાં રિલીઝ થાય તે પ હેલાં જ ખરીદી લેવામાં આવ્યા હતા.

# દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા ઝાલોદ નગરના ગરબા સ્થાનોની મુલાકાતે આવ્યા

## ઝાલોદ નગરમાં પોલિસ દ્વારા ડ્રોન ઉડાવી વિવિધ વિસ્તારોની સુરક્ષા અંગે ચકાસણી કરી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક રાજદીપ સિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી પટેલ દ્વારા નગરના વિવિધ વિસ્તારોની સુરક્ષા તેમજ અસામાજિક તત્વો પર નજર રાખવા માટે ડ્રોન કેમેરાની મદદ લીધી હતી. ઝાલોદ બસ સ્ટેશન વિસ્તારથી હવાઈ રેન્જ મુજબ અંદાજીત ચાર કિલોમીટરના વિસ્તારમાં આ ડ્રોન કેમેરા દ્વારા બારીકાઈ થી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ડ્રોન કેમેરા થી નગરમાં ગરબે ઘૂમતા દરેક વિસ્તારો તેમજ આજુબાજુના ખુલ્લા વિસ્તારોમાં ડ્રોન દ્વારા બારીકાઈ થી નજર રાખવામાં આવી હતી આ ડ્રોન કેમેરા દ્વારા અલગ અલગ દરેક વિસ્તારોના બારીકાઈ થી જોઈ ફોટા પાડી સુરક્ષાની ખાતરી કરવામાં આવી હતી. પોલિસ દ્વારા કોઈ પણ અનિચ્છનીય બનાવ કે બીના ન બને તે માટે વિશેષ તકેદારી રાખવામાં આવી હતી. આ ડ્રોન કેમેરા થી ખુલ્લા માર્ગો પર ચાલતા ફરતા લોકો પર વિશેષ નજર રાખવામાં આવી હતી.



દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા નગરના ગરબા ગ્રાઉંડ પર તકેદારીના ભાગરૂપે સુરક્ષા વ્યવસ્થા તેમજ ગરબા ઉત્સવોમા ચકાસણી કરવા માટે આવ્યા હતા. દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા વિશ્વકર્મા મંદિર પર રમાતા ગરબા તેમજ પોલિસ ગ્રાઉંડના ગરબા મહોત્સવનો લ્હાવો લીધો હતો. તેમજ માતાજીના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. વિશ્વકર્મા મંદિર પર દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષકનુ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું સાથે સાથે ઉપસ્થિત દરેક અધિકારીનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ઝાલોદ પોલિસ તંત્ર નવરાત્રીના દિવસોમા સતત પેટ્રોલીંગ કરી કાયદો વ્યવસ્થા ન બગડે તેની વિશેષ તકેદારી રાખી રહેલ છે.

# દેવગઢ બારીઆ નગરમાં ખુલ્લેઆમ નંબર વગર કાળા કાચ કરી ફરતા વાહનો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૯ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ માં દિનપ્રતિદિન ટ્રાફિક વધતો જાય છે જેમાં વાહનો ની પણ ખુબ અવર જવર થાય છે જેમાં અમુક વાહન માલિકો જાણે વડાપ્રધાન અને મુખ્યમંત્રી ના કે કોઈ મોટા અધિકારી દીકરા હોય તેમ જાણે પોતા ના વાહન માં કોઈ પણ પ્રકાર નો ડર રાખ્યા વગર ખુલ્લે આમ વગર ની કાર લઈ કાળા કાચ કરી બજાર માં ફરે છે શું કાયદો માત્ર ગરીબ પ્રજા માટે જ છે કે આવા નબીરાઓ માટે પણ છે સરકાર નો પરિપત્ર અને હુકમ પ્રામણે કાર્યવાહી કરવામાં આવતી નથી અને જો કાર્યવાહી કરવા માં આવે તો ગુન્હેગાર ની જગ્યા એ પોલીસ દંડાય છે શું આમાં બધી જગ્યા એ પ્રજા ને શોષાવા નું આવા વાહનો પર કાયદેસર ની કાર્યવાહી કરી તપાસ કરવી જોઈએ..

# સાણંદ અને બાવળા ખાતે ૧૦ ઓક્ટોબરે આરોગ્ય કેમ્પ યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તેમજ ગાંધીનગર લોકસભા સ્વસ્થ લોકસભા અભિયાન અંતર્ગત ગ્રામજનોના આરોગ્યની સુખાકારી માટે જિલ્લા પંચાયત અમદાવાદ આરોગ્ય શાખા દ્વારા સાણંદ અને બાવળા ખાતે ૧૦ ઓક્ટોબરના રોજ સવારે ૯.૩૦ કલાકે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ આરોગ્ય કેમ્પ બાવળામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શિયાળ ખાતે સવારે ૯.૩૦ કલાકે યોજાશે. જ્યારે સાણંદમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોડાસર ખાતે પણ સવારે ૯.૩૦ કલાકે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ માણ્યો નવરાત્રી પર્વ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

શક્તિ, ભક્તિ અને આરાધનાનો પર્વ એટલે જગત જનની જગદંબાનો નવરાત્રિ મહોત્સવ હવે તેના અંતિમ ચરણોમાં છે. ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમી રહ્યા છે ત્યારે ઝાલોદ તાલુકાના ફુલપુરા ગામે આવેલ ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં નવરાત્રી પર્વ નિમિત્તે શાળામાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત માતા જગદંબાની આરતીથી કરવામાં આવી હતી. જેમાં શાળાના તમામ શિક્ષકો અને બાળકોએ માતાજીની આરતી પૂર્ણ કર્યા બાદ શાળાના મદદનીશ શિક્ષક

નરેશભાઈ.ડી.પરમાર દ્વારા શાળાના લગભગ ૩૫૦ જેટલા બાળકોને માતાના પ્રસાદ તરીકે મોનેકો બિસ્કીટના પેકેટ આપ્યા. સાથે સાથે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી. ત્યારબાદ



પરંપરાગત વસ્ત્રોમાં તૈયાર થઈને આવેલા બાળકો ટીમલી અને ત્રણ તાલી ગરબા રમવા આનંદ, ઉલ્લાસ અને ઉમંગ ભેર હિલોળે ચડ્યાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના તમામ શિક્ષકોએ કર્યું. જેમાં શાળાના આચાર્ય લોહ મુકેશકુમાર દ્વારા પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવ્યું હતું.

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લાની શાળાઓમાં નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

જાહેરજીવનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૩ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા ૧૫ ઓકટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. શિક્ષણ વિભાગ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વિકાસ સપ્તાહ અંતર્ગત ૮મી ઓકટોબરના રોજ જિલ્લાની શાળાઓમાં નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિબંધ સ્પર્ધામાં સુશાસન થકી વિકાસ, શાંતિ, શક્તિ અને સમૃદ્ધિને સમર્પિત ગુજરાત, સ્ટાર્ટ અપ થકી સમૃદ્ધિ, કલાઈમેટ ચેન્જ અને પર્યાવરણ સંતુલન, મહિલા સશક્તિકરણ - ગુજરાતનું ગૌરવ, સ્ટેચ્યુ ઓફ યુનિટી- ઉંચાઈ અને એકતા, મારા સ્વપ્નનું વિકસિત ગુજરાત, એક ભારત, શ્રેષ્ઠ ભારત, દેશના વિકાસનું ગ્રોથ એન્જીન – ગુજરાત જેવા વિવિધ વિષયો પર જિલ્લાની શાળાના બાળકો દ્વારા નિબંધ રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લાની ૪૫૩ શાળાઓના ૫૭૯૪૮ બાળકોએ નિબંધ લેખન સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# દેવગઢ બારીઆ એસ. આર. હાઇસ્કુલ ખાતે વિજ્ઞાન મેળાનું પ્રદર્શન કરવામાં આવ્યું



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૯ ।

એસ.આર. સ્કૂલ દેવગઢ બારીઆ ખાતે ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૪ નો આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં દાહોદ જિલ્લાના શિક્ષણ અધિકારી શ્રી એસ. એલ. દામાસાહેબ અને બારીઆ કેળવણી મંડળના પ્રમુખ રાજમાતા ઉર્વશી દેવી ના હસ્તે પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.જેમા દેવગઢ બારીઆ અને ધાનપુર તાલુકાની વિવિધ શાળાના વિદ્યાથી-ઓ એ ભાગ લીધેલ હતો અને પાંચ વિભાગમાં કુલ ૭૪ કૃતિઓ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવી હતી. બાળ વૈજ્ઞાનિકોએ પ્રદર્શનમાં ખૂબ જ ઉત્સાહિત થઈ ભાગ લીધો અને પ્રદર્શન નિહાળવા માટે આવેલા તમામ લોકોને ખૂબ જ સરસ રીતે પર્યાવરણ અને વિજ્ઞાનના સિદ્ધાંતો સમજાવ્યા હતા.

# ‘ગુજરાતની વિકાસયાત્રાની ધરોહર : યુવા અને નારીધન’ વિષય પર વેબિનાર યોજાયો

## અમદાવાદ જિલ્લાની શાળાઓના અંદાજીત ૭૫૦૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહભાગી થયા





। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગ સ્વરૂપે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્ય અને સરકારી પોલિટેક્નિક કોલેજ, આંબાવાડીના સંયુક્ત ઉપક્રમે ઘાટલોડિયાની જ્ઞાનદા સ્કૂલ ખાતેથી વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘ગુજરાતની વિકાસયાત્રા ની ધરોહર : યુવા અને નારીધન’ વિષય પર યોજાયેલા વેબિનારમાં અમદાવાદ જિલ્લાની શાળાઓના ધોરણ ૯ થી ૧૨ના અંદાજીત ૭૫૦૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહભાગી થયા હતા.






અમદાવાદ જિલ્લા(ગ્રામ્ય)ની શાળાઓના વિદ્યાર્થીઓ ઉદ્યોગસાહસિકતાનું જ્ઞાન મેળવે અને આ અંગે રાજ્ય સરકાર તરફથી મળતી વિવિધ સહાયથી પરિચિત થઈને વિદ્યાર્થીકાળથીજ પોતાનું સ્ટાર્ટ અપ શરુ કરવા પ્રેરાય તે હેતુસર આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારમાં સરકારી સહાય મેળવી મિલેટ ફૂડ પ્રોડક્ટનું સ્ટાર્ટ અપ કરનાર ઉદ્યોગસાહસિક મહિલા શ્રી મનીષા બેન ભાવસાર (લખપતિ દીદી) તથા પોલિટેક્નિક કોલેજના યુવા વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિક એલ્યુમની દ્વારા આ પ્રસંગે પોતાના અનુભવો અને સ્ટાર્ટઅપ જર્ની વિશે માહિતીસભર વાતો રજૂ કરીને શાળાના વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા પ્રત્યે જાગૃત કર્યા હતા. સરકારી પોલીટેકનિકના વિદ્યાર્થીઓ ધ્રુવ પંચાલ (એસ્ટ્રોનોમી આધારિત સાબુ, પરફ્યુમ, ધૂપ વગેરેનું સ્ટાર્ટ અપ), પટેલ સુમિત અને પટેલ દક્ષ (નિત્ય જળ નામનું બગીચામાં પાણી આપવાનું ડિવાઈસ) તથા ઋષિ સોની અને સુજય પટેલે (અંભ નામની પ્રોડક્ટ કે જેમાં તેઓએ ઓર્ગનિક વેસ્ટમાંથી સાધનો બનાવવાનું સ્ટાર્ટ અપ) પોતાના સ્ટાર્ટઅપ, SSIP તથા અન્ય સરકારી સહાય અંગે શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

વેબિનારના અંતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ એક સાથે ઓનલાઈન માધ્યમથી ભારત વિકાસની પ્રતિજ્ઞા લીધી હતી. વેબિનાર કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણધિકારી કૃપા બેન જહા, બોર્ડ સદસ્યશ્રી જે. વી. પટેલ, શિક્ષણવિદ શ્રી ગુણવંત ભાઈ પટેલ, સરકારી પોલિટેક્નિકના વ્યાખ્યતા શ્રીમતિ ઝંખના બેન અને ઉર્વીશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઇ પાનશેરિયાએ કામરેજ તાલુકાના અંત્રોલી, આંબોલી, ડુંગરા, સત્યમનગર, ટીંબા, પાલી અને હલધરૂ ગામે રૂ.૧૦.૪૫ કરોડના શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસકામોનું ખાતમુહુર્ત-લોકાર્પણ કર્યું

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

ટીંબા ગામે રૂ.૩૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર આયુષ્યમાન આરોગ્ય મંદિરનું ખાતમુહુર્ત શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ કામરેજ તાલુકાના વિવિધ ગામોમાં રૂ.૧૦.૪૫ કરોડના શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસકામોનું ખાતમુહુર્ત-લોકાર્પણ કર્યું હતું. જેમાં મંત્રીશ્રીએ કામરેજ તાલુકાના અંત્રોલી, આંબોલી, સત્યમનગર, ટીંબા, પાલી ગામે ૯.૧૦ કરોડના ખર્ચે શાળાઓમાં ૩૨ નવા વર્ગ ખંડોનું ખાતમુહુર્ત અને રૂ.૮૬.૪૩ લાખના ખર્ચે નવનિર્મિત હલધરૂ ગામ પ્રાથમિક



શાળાનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ટીંબા ગામે રૂ.૩૫ લાખના ખર્ચે આયુષ્યમાન આરોગ્ય મંદિરનું ખાતમુહુર્ત પણ કર્યું હતું, જેમાં OPD રૂમ, મમતા ક્લિનિક, વેઈટીંગ એરિયા, સ્ટાફ ક્વાર્ટર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનશે. નોંધનીય છે કે, અંત્રોલી ગામે રૂ ૨૫૦.૧૫ લાખના ખર્ચે ૧૧ નવા વર્ગ ખંડ, આંબોલી ગામે રૂ.૧૫૦.૯૪ લાખના ખર્ચે ૬ નવા વર્ગ ખંડ અને ૨ હયાત વર્ગખંડનું રિપેરીંગ, સત્યમનગર ખાતે રૂ.૯૭.૯૪ લાખના ખર્ચે ૪ નવા વર્ગ ખંડ અને ૬ હયાત વર્ગખંડનું રિપેરીંગ, ટીંબા ગામે રૂ.૨૯૫.૧૬ લાખના ખર્ચે ૬ નવા વર્ગ ખંડ અને ૨ હયાત વર્ગખંડનું રિપેરીંગ, પાલી ગામે રૂ.૧૧૫.૭૮ લાખના ખર્ચે ૫ નવા વર્ગ ખંડ અને ૨ હયાત વર્ગખંડનું રિપેરીંગ તેમજ ડુંગરા ગામે રૂ.૪૮.૦૯ લાખના ખર્ચે ૧૦ વર્ગ ખંડોનું રિપેરીંગ કાર્યનું ખાત મુહુર્ત તેમજ રૂ.૮૬.૪૩ લાખના ખર્ચે નવનિર્મિત હલધરૂ ગામની પ્રાથમિક શાળાનું લોકાર્પણ સંપન્ન થયું હતું. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને યુનિફોર્મ, શૈક્ષણિક કીટનું વિતરણ પણ કર્યું હતું. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ રેખાબેન, શિક્ષણ સમિતિના ચેરમેન ભારતીબેન, ન્યાય સમિતિના અધ્યક્ષ પુષ્પાબેન, શાસક પક્ષ નેતા રમેશભાઈ શિંગાળા, જિ.પ્રા. શિક્ષણાધિકારી જયેશભાઈ પટેલ, તા.પ્રા. શિક્ષણ અધિકારી જ્યોતિબેન, સંગઠન પ્રમુખ બળવંતભાઈ, સંગઠન હોદ્દેદારો, સામાજિક અગ્રણીઓ, કાર્યકર્તાઓ તમામ ગામોના સરપંચો, શાળાના આચાર્ય, શિક્ષકો-વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મનમાં શાંતિ પણ હશે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો. તમારા બૉસ નોંધ લે એ પૂર્વે બાકી રહેલા કાયર્યો પૂરાં કરો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યાત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ? પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. ચમારી પરિસ્થિતિ વિશે તમારા સાથીદારને સમજાવવામાં તમને ખૂબ મુશ્કેલી પડશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. તમારા જીવનસાથી પ્રત્યે તમારૂં બેદરકારીભર્યું ધ્યાન ઘરમાં તાણભરી ક્ષણો લાવી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

સાત હજાર સાતસો મીટરની ઉંચાઈ પરથી તેમના મૃતદેહો મળી આપ્યા

# ધૌલાગિરી પર્વત પરથી લપસતાં પાંચ રશિયન ક્લાઇમ્બર્સનાં મોત

## મિંગમા પોતે એક પર્વતારોહક છે, ગુમ થયેલા આરોહકો માટે શરૂ કરાયેલ સર્ચ ઓપરેશનનો પણ ભાગ હતો

। (એજન્સી) દૂંચે, તા.૯ ।

નેપાળના ૭,૦૦૦ મીટર ઉંચા ધૌલાગિરી પર્વત પરથી લપસી પડતાં પાંચ રશિયન ક્લાઈમ્બર્સનાં મોત થયાં છે. હેલી એવરેસ્ટના વાઈસ પ્રેસિડેન્ટ મિંગમા શેરપાના જણાવ્યા અનુસાર, આ આરોહકોએ પાનખર દરમિયાન વિશ્વના આ સાતમા સૌથી ઊંચા શિખર પર ચઢવાનું શરૂ કર્યુ હતું. મિંગમા પોતે એક પર્વતારોહક છે અને ગુમ થયેલા આરોહકો માટે શરૂ કરાયેલ સર્ચ ઓપરેશનનો ભાગ હતો.મૃતકોની ઓળખ એલેક્ઝાન્ડર દુશેયકો, ઓલેગ કુગ્લોવ, વ્લાદિમીર ચિસ્તિકોવ, મિખાઈલ નોસેન્કો અને દિમિત્રી શિપલેવોઈ તરીકે થઈ હતી. શિખર પર ચઢતી વખતે આ આરોહકોનો બેઝ કેમ્પ સાથેનો સંપર્ક સવારે છ વાગ્યે તૂટી ગયો હતો. શેરપાએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતુ કે આ તમામ ક્લાઈમ્બર્સ એક દોરડાની મદદથી ૮,૧૬૭ મીટર ઊંચા શિખર તરફ જઈ રહ્યા હતા, ત્યારે તેઓ ગુમ થઈ ગયા હતા. આ પછી હેલિકોપ્ટર દ્વારા સર્ચમાં તેઓ ૭,૭૦૦ મીટરની ઉંચાઈ પર મૃત હાલતમાં મળી આવ્યા હતાં.નેપાળના પર્યટન વિભાગના નિર્દેશક રાકેશ ગુરુંગે જણાવ્યું કે સોમવારે ખરાબ હવામાનના કારણે બચાવ કાર્ય થઈ શક્યું ન હતું. તેમણે કહ્યું કે અન્ય એક રશિયન ક્લાઈમ્બરને હેલિકોપ્ટર દ્વારા બેઝ કેમ્પમાંથી બચાવી લેવામાં આવ્યો હતો. જો કે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આ મૃત આરોહકોને ઊંચાઈવાળા વિસ્તારમાંથી ક્યારે અને કેવી રીતે નીચે લાવવામાં આવશે. `દરમિયાનમાં, સોમવારે રાત્રે ઉત્તરી નેપાળના રાસુવા અને નુવાકોટ જિલ્લાની સરહદ પર સૂર્યકુંડ વિસ્તારમાં ટ્રેકિંગ કરતી વખતે પોલિશ હાઈકર, સોવિન્સ્કા અગ્નિઝ્કા (૨૩)નું પણ મૃત્યુ થયું હતું.

આરોપીઓની બિનજરૂરી હેરાનગતિ ન થાય તે જોવા કોર્ટો અને પોલીસને તાકીદ

# આપઘાત માટે ઉશ્કેરણીના કેસોમાં અદાલતો કાયદાના સાચા સિદ્ધાંતો સમજી શકતી નથી : SC

## સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર હાલના ટ્રેન્ડ દર્શાવે છે કે અદાલતો સંપૂર્ણ સુનાવણી પછી જ આવા ગુના પાછળના કથિત ઇરાદાને સમજે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

આપઘાત માટે ઉશ્કેરણી કરવાના કેસમાં ત્રણ આરોપીઓ સામે લખનૌની કોર્ટમાં પેન્ડિંગ કાર્યવાહીને રદ કરવાનો ચુકાદો આપી સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યુ હતુ કે આત્મહત્યા માટે ઉશ્કેરવા સંબંધિત કેસોમાં કાયદાના સાચા સિદ્ધાંતોને સમજવામાં અને તેનો અમલ કરવામાં અદાલતોની અસમર્થતાને કારણે બિનજરૂરી કોર્ટ કાર્યવાહી થતી હોય છે. જસ્ટિસ જે બી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે જણાવ્યું હતું કે તે પોલીસમાં એફઆઈઆર નોંધાવનાર મૃત વ્યક્તિના પરિવારના સભ્યોની લાગણીઓ અને સંવેદનાઓ પ્રત્યે બેધ્યાન નથી, પરંતુ આખરે પોલીસ અને અદાલતોએ આ બાબતની તપાસ કરવી જોઈએ અને નિર્ણય કરવો જોઈએ કે આવા આરોપોનો સામનો કરી રહેલા વ્યક્તિઓને બિનજરૂરી રીતે હેરાન કરવામાં ન આવે.સર્વોચ્ચ અદાલતે ૩ ઓક્ટોબરે આપેલા તેના આદેશમાં વધુમાં જણાવ્યું હતું કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ (આપઘાત માટે ઉશ્કેરવું) હેઠળ ગુના બને છે કે નહીં તેની મુખ્ય શરતો એ છે કે આરોપીએ મૃતકને આપ ઘાત માટે સીધી અને ભયજનક રીતે ઉશ્કરણી કરી છે અને આપઘાત સિવાય બીજો કોઈ વિકલ્પ બાકી ન રહ્યો હોય. આ પ્રકારના કેસોમાં અદાલતે એ માપદંડ અપનાવવો જોઈએ કે રેકોર્ડ પરની સામગ્રીના આધારે પ્રથમ દૃષ્ટિએ તારણ નીકળે છે કે આરોપીએ કરેલા કૃત્યનો ઈરાદો આપઘાત કરાવાનો હોય. સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર હાલના ટ્રેન્ડ દર્શાવે છે કે અદાલતો સંપૂર્ણ સુનાવણી પછી જ આવા ગુના પાછળના કથિત ઈરાદાને સમજે છે.

હમાસ સાથેના યુદ્ધની વરસી વચ્ચે સંયુક્ત રાષ્ટ્રનો ઇઝરાયેલ-હિઝબુલ્લાહ વચ્ચે વાટાઘાટ માટે પ્રયાસો જારી

# લેબનોનમાં હિઝબુલ્લાહનો સિનિયર કમાન્ડર મરાયો : ઇઝરાયેલ

## ગાઝામાં પેલેસ્ટાઇનના આતંકવાદીઓએ ઇઝરાયેલ પર રોકેટો દ્વારા હુમલો કર્યો હતો



। (એજન્સી) જેરુસલેમ, તા.૯ ।

ઈઝરાયેલના લશ્કરે બૈરુત પરના હુમલામાં હિઝબુલ્લાહના કમાન્ડરને માર્યો હોવાનો દાવો કર્યો છે. ઈઝરાયલે જણાવ્યું હતું કે, આતંકવાદી જૂથ હિઝબુલ્લાહના લોજિસ્ટિક્સ, બજેટ અને મેનેજમેન્ટની જવાબદારી સંભાળતા સુહેલ હુસૈનીનું મોત થયું છે.ગાઝામાં પેલેસ્ટાઈનના આતંકવાદીઓએ ઈઝરાયેલ પર રોકેટો દ્વારા હુમલો કર્યો હતો. તે દર્શાવે છે કે, હમાસ હજુ ગાઝામાં ઈઝરાયેલના આક્રમણનો સામનો કરી રહ્યું છે. સ્થાનિક મીડિયા અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં અત્યાર સુધીમાં પેલેસ્ટાઈનના લગભગ ૪૨,૦૦૦ નાગરિકોએ જીવ ગુમાવ્યો છે. ઉપરાંત, મોટા વિસ્તારોમાં તારાજી થઈ છે અને ૯૦ ટકા લોકોને ઘર છોડવાનો વારો આવ્યો છે. લેબેનોનમાં સંયુક્ત રાષ્ટ્રના અધિકારીઓએ ઈઝરાયેલ અને હિઝબુલ્લાહને વાટાઘાટ માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર શાંતિસ્થાપના દળના જિની હેનિસ અને લેફ્ટનન્ટ જનરલ આરોલ્ડો લઝારો હિઝબુલ્લાહ દ્વારા હમાસના ટેકામાં ઈઝરાયેલ પર હુમલાની શરૂઆતને એક વર્ષ પૂરું થવા નિમિત્તે આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, હમાસે ઈઝરાયેલ પર કરેલા હુમલાને ૭ ઓક્ટોબરના રોજ એક વર્ષ પૂરું થયું હતું. ઈઝરાયેલે લેબેનોનમાં હિઝબુલ્લાહ સામે નવો મોરચો ખોલ્યો છે. ગાઝા સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી હિઝબુલ્લાહ ઈઝરાયેલ પર મિસાઈલ હુમલા કરતું હતું.દરમિયાન હમાસના લશ્કરી એકમ ધ અલ-કાસમ બ્રિગેડ્સે જાહેર કર્યુ હતુ કે, તેણે ગાઝા શહેર પરના હુમલામાં ઈઝરાયેલના ઘણા સૈનિકોનો ખાતમો કર્યો છે. અલ-કાસમ બ્રિગેટ્સે સોમવારે જણાવ્યું હતુ કે, તેમના સભ્યોએ બોમ્બ દ્વારા ઈઝરાયેલના ૧૦ સૈનિકના ગ્રુને ટાર્ગેટ કર્યુ હતું. તેને લીધે વિસ્તારમાં ઘણા સૈનિકોની જાનહાનિ થઈ હતી. નિવેદનમાં જણાવ્યા અનુસાર બ્રિગેડ્સને એક હેલિકોપ્ટર નજરે પડ્યું હતું. તેની પર હુમલો કરાયો હતો. જોકે, ઘટના અંગે તેણે વધુ માહિતી આપી ન હતી. અન્ય એક નિવેદનમાં બ્રિગેડ્સે દાવો કર્યો હતો કે, તેણે ગાઝા શહેરની ઉત્તરમાં તુવામ વિસ્તારમાં 'યાસિન ૧૦૫' મિસાઈલ સાથેના સૈનિકને ટાર્ગેટ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગયા સપ્તાહે ઈરાને ઈઝરાયેલ પર બેલિસ્ટિક મિસાઈલ્સ દ્વારા હુમલો કર્યો હતો.

# કોલકાતાની આર જી કર હોસ્પિટલના ૫૦ સિનિયર ડોક્ટર્સનું રાજીનામું

## પશ્ચિમ બંગાળની અન્ય મેડિકલ કોલેજોના સિનિયર ડોક્ટર્સના એક વર્ગે પણ રાજીનામું આપવાની વાત કરી હતી




। (એજન્સી) કોલકાતા, તા.૯ ।

કોલકાતામાં ટ્રેઈની મહિલા ડોક્ટરના બળાત્કાર અને હત્યાથી દેશભરમાં જાણીતી બનેલી આરજી કર હોસ્પિટલના લગભગ ૫૦ સિનિયર ડોક્ટર્સે રાજીનામું આપી દીધું છે. ૫ ઓક્ટબરથી ટ્રેઈની ડોક્ટર માટે ન્યાયની માંગ કરી રહેલા મેડિકલના જૂનિયર વિદ્યાર્થીઓના સમર્થનમાં વરિષ્ઠ ડોક્ટરોએ મંગળવારે આ પગલું લીધું હતું. સિનિયર ડોક્ટર્સના રાજીનામા પછી પશ્ચિમ બંગાળની અન્ય મેડિકલ કોલેજોના સિનિયર ડોક્ટર્સના એક વર્ગે પણ રાજીનામું આપવાની વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, સાત જુનિયર ડોક્ટર્સે કોલકાતામાં અનિશ્ચિત મુદતની ભૂખ હડતાલ અને તેમના ટેકામાં પશ્ચિમ બંગાળની વિવિધ મેડિકલ કોલેજના ડોક્ટર્સ દ્વારા ૧૨ કલાકના પ્રતીક ઉપવાસ પછી સિનિયર ડોક્ટર્સે રાજીનામાનો નિર્ણય લીધો હતો. એસોસિએશન ઓફ હેલ્થ સર્વિસિસ ડોક્ટર્સના પ્રતિનિધી ડો. માનસ ગુમ્તાએ જણાવ્યું હતુ કે, "રાજ્ય સરકાર જુનિયર ડોક્ટર્સની ન્યાયસંગત અને વાજબી માંગણીને અવગણવાનું ચાલુ રાખશે તો અમને રાજ્યની તમામ સરકારી હોસ્પિટલ્સના તમામ સિનિયર ડોક્ટર્સને રાજીનામું આપવાની હાકલ કરવા ફરજ પડશે."

ઠગોએ કસ્ટમ્સ, RBIના અધિકારીઓની ઓળખ આપી છેતરી

# મુંબઈમાં ૬૫ વર્ષીય મહિલાને એપ પર દોસ્તી કરવી ભારે પડીઃ રૂ.૧.૩ કરોડની ઠગાઇ

## આ વ્યક્તિએ ફિલિપાઇન્સમાં કામ કરતા અમેરિકન સિવિલ એન્જિનિયર હોવાનો દાવો કરી પોતાનો પરિચય પોલ રૂધરફોર્ડ તરીકે આપ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૯ ।

મુંબઈની ૬૫ વર્ષની એક મહિલા સાયબર ફ્રોડમાં રૂ.૧.૩૦ કરોડની ઠગાઈનો શિકાર બની હોવાનો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. સાયબર ઠગોએ પોતાની ઓળખ કસ્ટમ્સ વિભાગ, ભારતીય રિઝર્વ બેંક અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સહિત વિવિધ સંસ્થાઓના અધિકારીઓ તરીકે આપીને આ મહિલાને છેતરી હતી. હાલમાં ભાયખલામાં રહેલી આ મહિલાએ પોલીસને જણાવ્યું હતુ કે તેની અગ્નિપરીક્ષા એપ્રિલ ૨૦૨૩માં શરૂ થઈ હતી. તે સમયે તે ઈન્ટરનેશન ડેટિંગ એપ્લિકેશન પર કોઈ અજાણી વ્યક્તિના સંપર્કમાં આવી હતી.આ વ્યક્તિએ ફિલિપાઈન્સમાં કામ કરતા અમેરિકન સિવિલ એન્જિનિયર હોવાનો દાવો કરી પોતાનો પરિચય પોલ રૂધરફોર્ડ તરીકે આપ્યો હતો. તેમની વાતચીત દરમિયાન રુધરફોર્ડે પોતાને એક જીવલેણ અકસ્માત થયો હોવાની એક વાર્તા ઘડી કાઢી હતી અને પૈસાની જરૂરિયાત હોવાનું કહ્યું હતું. તેથી મહિલાએ તેને એપ્રિલ અને જૂન ૨૦૨૩ વચ્ચે લગભગ ?૭૦ લાખ બિટકોઈનમાં મોકલ્યા હતાં, જે સંબંધીઓ પાસેથી આંશિક રીતે ઉધાર લીધા હતા.રૂધરફોર્ડ પૈસા તરત જ ચૂકવવાનું વચન આપ્યું હતું. આ પછી રૂધરફોર્ડ મહિલાને જાણ કરી કે તેને ૨ મિલિયન ડોલર ધરાવતું પાર્સલ મોકલ્યું છે. આ પછી મહિલાને દિલ્હી એરપોર્ટ પરથી કથિત રીતે પ્રિયા શર્મા તરીકે ઓળખાવતા એક વ્યક્તિનો ફોન આવ્યો અને કહ્યું હતું કે આ પાર્સલ કસ્ટમ વિભાગે અટકાવ્યું છે. કોલરે મહિલા પાસે પાર્સલના વિવિધ ચાર્જ અને ટેક્સ પૈસા ટ્રાન્સફર કરવા કહ્યું હતું. આ પછી મહિલાએ વિવિધ બેન્ક એકાઉન્ટમાં નાણા ટ્રાન્સર કર્યા હતા. જોકે ઠગાઈનો અહીં અંત આવ્યો ન હતો અને વિવિધ પ્રકારે પૈસા માંગવાનું ચાલુ રાખ્યું હતું. કુલ ?રૂ.૧,૨૯,૪૩,૬૬૧ ટ્રાન્સફર કરવા કર્યા હોવા છતાં મહિલાને નવા સત્તાવાળાઓ અથવા એજન્સીઓ તરફથી કૉલ્સ મળવાનું ચાલુ રહ્યું હતું. આ પછી મહિલાએ પોલીસનો સંપર્ક કર્યો હતો.

# બાંગ્લાદેશમાં સત્તાપલટા પછી હિન્દુઓના અધિકારોનું રક્ષણ કરોઃ યુએસ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

બાંગ્લાદેશમાં સત્તાપલટા પછી પહેલીવાર અમેરિકાનું એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. અમેરિકાએ કહ્યું કે એ બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયોના અધિકારોનું રક્ષણ ઈચ્છે છે, કારણ કે હિન્દુ પોતાના સૌથી મોટા તહેવાર દુર્ગાપૂજા મનાવી રહ્યા છે. અમેરિકા તરફથી આ નિવેદન બાંગ્લાદેશમાં તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાના રાજીનામા અને ઓગષ્ટમાં તેઓ ભાગીને ભારત આવ્યા પછી ત્યાં લઘુમતી હિન્દુ સમુદાય પર વધી રહેલા હુમલાઓને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યું છે. અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યુ મિલકે કહ્યું કે, અમે બાંગ્લાદેશમાં લઘુમતીઓના અધિકારનું રક્ષણ ઈચ્છીએ છીએ, જેમ કે વિશ્વભરમાં હકીકત છે. મિલર હિન્દુ સમુદાયને તેમના સૌથી મોટા તહેવાર દુર્ગા પૂજા મનાવવા દરમિયાન કેટલાક ધાર્મિક કટ્ટરવાદીઓ દ્વારા ઉત્પન્ન ખતરા પર એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. આ પહેલા, ભારતે બાંગ્લાદેશની વચગાળાની સરકારને દક્ષિણ એશિયાઈ દેશમાં હિન્દુ સમુદાય માટે શાંતિપૂર્ણ ધાર્મિક આયોજન સુનિશ્ચિત કરવાનો આગ્રહ કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રની એક રિપોર્ટ મુજબ, બાંગ્લાદેશમાં હિંસક વિરોધ પ્રદર્શનો દરમિયાન હિન્દુઓ સહિત ૬૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા, જેના પરિણામ સ્વરુપ શેખ હસીનાના નેતૃત્વવાળી અવામી લીગ સરકાર પદભ્રષ્ટ થઈ ગઈ હતી.

# યુદ્ધ એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશ કરી ચુક્યું છેઃ ઝેલેન્સ્કી

। (એજન્સી) કિવ, તા.૯ ।

યુક્રેનની સેનાએ દાવો કર્યો કે તેમણે ક્રીમિયામાં સોમવારે એક મુખ્ય તેલ ટર્મિનલ પર હુમલો કર્યો છે. આ તેલ ટર્મિનલ રશિયાને યુદ્ધ માટે જરૂરી ઈંધણ આપે છે. આ સાથે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું કે, યુદ્ધ એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશ કરી ચુક્યું છે. યુક્રેન અને રશિયા બંને દેશો એવા સંકટનો સામનો કરી રહ્યા છે કે પોતાના મોંઘા યુદ્ધને કેવી રીતે આગળ ધપાવવું. કેમ આ યુદ્ધ ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાના યુક્રેન પર હુમલા સાથે શરુ થયું હતું અને તેના સમાધાનના હાલતના તબક્કે કોઈ સંકેત સાંપડી રહ્યા નથી. યુક્રેનના જનરલ સ્ટાફે સોશ્યલ મીડિયા પર કહ્યું કે રશિયાના કબજા વાળા ક્રીમિયાના દક્ષિણ કિનાર પર ફિયોદોસિયામાં આવેલું તેલ ટર્મિનલ રશિયાને યુદ્ધ માટે ઈંધણ પુરું પાડી રહ્યું છે.


# અંબાજી, નડાબેટ, સ્મૃતિવન-ભુજ જેવા આઇકોનિક સ્થળોને ભવ્ય રોશનીથી શણગારાયા – પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા

। (માહિતી) ગાંધીનગર, તા.૯ ।


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાતભરમાં તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણીનો શુભારંભ થયો છે. આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન વધુને વધુ નાગરિકો સહભાગી થાય તેવા હેતુ સાથે વહીવટી તંત્રના સંકલનમાં રહીને વિવિધલક્ષી કાર્યક્રમોનું રાજયભરમાં આયોજન થઈ રહ્યું છે. જે અંતર્ગત રાજ્યના વિવિધ મહત્વપૂર્ણ સ્થળોને રોશનીથી સુશોભન કરવામાં આવ્યા છે.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે સમગ્ર મંદિર પરિસર આકર્ષક રોશનીથી શણગારવામાં આવ્યું છે. નવરાત્રિના પાવન પર્વે અંબાજી મંદિરે દર્શને આવતા શ્રદ્ધાળુઓમાં મંદિર ખાતે કરવામાં આવેલી રંગબેરંગી નયનરમ્ય લાઈટિંગથી દિવ્યતાનો અહેસાસ થઈ રહ્યો છે. તેવી જ રીતે ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલ નડાબેટ ખાતે તથા વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા ધરતીકંપના પીડિતોને સમર્પિત એવા ભુજના સ્મૃતિવન સ્મારક અને મ્યુઝિયમની ઈમારતને પણ રોશનીથી શણગારવામાં આવી છે. અહી કરવામાં આવેલી સુંદર અને અદભૂત રોશની, મુલાકાતે આવતા પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.









## ન્યૂઝ બ્રિફ

### ગાંધીનગરમાં ગરબા ગાવાની અદાવતમાં ત્રણ મિત્રો પર ટોળાએ હિંસક હુમલો કર્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

ગરબા ગ્રાઉન્ડ પર ખેલૈયાઓ વચ્ચે થયેલી નજીવી માથાકૂટે મોટું સ્વરૂપ ધારણ કરી લેતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ગાંધીનગરમાં ગરબા ગ્રાઉન્ડ પર ગરબા ગાવા બાબતે ઝઘડા પછી સમાધાન થયું હતું. જો કે ઝઘડાની અદાવત રાખી ટોળાએ ત્રણ મિત્રો પર સરગાસણ ચોકડી નજીક હુમલો કર્યો હતો. આ બનાવમાં જે યુવકને ઝઘડો થયો હતો, તે તથા અન્ય મિત્ર નાસી છૂટ્યા હતા. જ્યારે બચાવવા વચ્ચે પડેલા પીએસઆઈના સગીર પુત્રને ટોળાએ માર માર્યો હતો.

### કચ્છમાં ગરબા જોઈ પરત ફરી રહેલી દલિત યુવતી પર બળાત્કાર

। (પ્રતિનિધી) કચ્છ, તા.૯ ।

ગુજરાતમાં એક પછી એક દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. વડોદરા, રાજકોટ, ભુજ, ધાંગ્રધા, મહેસાણા, સુરેન્દ્રનગર બાદ હવે કચ્છના રાપર તાલુકાના આડેસરથી યુવતી સાથે બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટનામાં યુવતી ગરબે રમી પરત ફરી રહી હતી ત્યારે યુવતીને અચાનક ચક્કર આવતાં પાણી પીવડાવવાના બહાને બળાત્કાર ગુજાર્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત મંગળવારે (૭ ઓક્ટોબર) ના રોજ રાપર તાલુકાના આડેસર ગામે ગરબા રમીને રાત્રે ૧ વાગ્યાની આસપાસ પરત ફરી રહેલી દલિત સમાજની યુવતી સાથે પેવર બ્લોકનું કારખાનું ધરાવતા માલિકે બળાત્કાર ગુજાર્યો હતો. જેના લીધે સમગ્ર પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો છે.



નવરાત્રીના પર્વને લઈને તેમજ ટ્રાફિકના નિયમોનું કડક રીતે પાલન થઈ શકે તે માટે અમદાવાદ શહેરમાં આનંદ નગર પોલીસ સ્ટેશન તેમજ બોડકદેવ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં હેલ્મેટ વગરના વાહન ચાલકોને મેમો આપી હેલ્મેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

#### ડ્રગ્સ રેકેટમા સુરતની મહિલાઓ ઝડપાઈ

## ડ્રગ્સ કેસમાં કતારની જેલમાં સબડતી ગુજરાતની ૩૫ મહિલા, સુરતની ૧૦

### આ મહિલાઓ ડ્રગ્સ ડિલિવરી વુમન બની હતી સામાન્ય રીતે મહિલાઓ પર ઓછો શક કરવામાં આવતો હોય છે

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતમાં ચાલતા ડ્રગ્સ રેકેટમા સુરતની મહિલાઓ ઝડપાઈ છે. સુરતની મહિલાઓની ધરપકડ કતારમાં થઈ છે. કતારમાં ડ્રગ્સ સાથે સુરતની બે મહિલા ઝડપાઈ છે. સુરતની ૧૦ સહિતની ગુજરાતની ૩૫ મહિલા કતારની જેલમાં છે. રૂપિયાની લાલચ આપીને ડ્રગ્સ મોકલવામાં આવતું હતું.

આમ મહિલાઓ ડ્રગ્સના ખેપિયા તરીકે કામ કરતી હતી. આ મહિલાઓ ડ્રગ્સ ડિલિવરી વુમન બની હતી. સામાન્ય રીતે મહિલાઓ પર ઓછો શક કરવામાં આવતો હોય છે તેને ધ્યાનમાં રાખીને મહિલાઓને રૂપિયાની લાલચ આપીને ડ્રગ્સ રેકેટમાં ધકેલવામાં આવી છે. સમીમ આણી નામની ટોળકી રૂપિયાની લાલચ આપતી હતી. મહિલાઓને ફસાવતી હોવાની પોલીસ કમિશ્નરને ફરિયાદ આપી હતી. પોલીસને ડ્રગ્સ પ્રતિબંધિત એબોર્શનની ગોળીઓ મળી હતી. આમ ગુજરાતની મહિલાઓ હવે ડ્રગ્સની ડિલિવરીના કામ કરવા માંડી છે. ઉલ્લેખનીય છે કે કતારમાં ડ્રગ્સ પ્રતિબંધિત છે અને તેની હેરફેર કરનારને આકરી સજા કરવામાં આવે છે. મહિલા હોવાના લીધે કદાચ તેઓને મોતની સજા તો નહીં કરાય, પરંતુ કતારમાં આકરી સજા ચોક્કસ થશે. આ પહેલા પણ કતારમાં ભારતીય નૌકાદળના અધિકારીઓની સજાને લઈને વિવાદમાં આવી ચૂક્યું છે, તેમાં તોભારતીય અધિકારીઓને સપડાવવામાં આવ્યા હતા, પરંતુ આ તો ચોખ્ખો ડ્રગ્સ ડિલિવરીનો જ કેસ છે. આ ૩૫ મહિલાઓ પોતે રીતસરની ખેપ મારતી હતી, આ સંજોગોમાં તેમની સામે કતાર તો ખરું જ ભારતમાં પણ કાયદાકીય કાર્યવાહી કરવી જરૂરી થઈ જાય છે.

#### વર્ક પરમીટના નામે થતી છેતરપિંડીના કિસ્સામાં વધારો

## ન્યુઝીલેન્ડના વર્ક વિઝા અપાવવાની ખાતરી આપીને લાખોની છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

વિદેશમાં વર્ક પરમીટના નામે થતી છેતરપિંડીના કિસ્સામાં ચિંતાજનક વધારો થયો છે. જેમાં ચાંદખેડા ન્યુ સી.જી રોડ પર આવેલી એક ફર્મના બે સંચાલકોએ એક યુવક સહિત અનેક લોકો સાથે ન્યુઝીલેન્ડના વર્ક વિઝા અપાવવાની ખાતરી આપીને લાખોની છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ મામલે ચાંદખેડા પોલીસ મથકે નોંધવામાં આવી છે. છેતરપિંડી આચરનાર આરોપીઓએ અનેક લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિડીં કર્યાની વિગતો પણ સામે આવી છે. ગાંધીનગર જિલ્લાના કલોલમાં આવેલી ઉમીયા રેસીડેન્સીમાં રહેતા હાર્દિક પટેલને ન્યુઝીલેન્ડમાં વર્ક પરમીટના વિઝા સાથે સેટ થવાનું હોવાથી અલગ અલગ સાઈટ પર જોતા હતા. ત્યારે સોશિયલ મિડીયામાં તેમને ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ સાથેના વિઝાની ખાતરી આપતી જાહેરાત જોઈને ચાંદખેડા ન્યુ સીજી રોડ પર આવેલા નોર્થ પ્લાઝા સ્થિત યોર ડ્રીમ ઓવરસીઝ નામની ઓફિસમાં જઈને હેમાબેન નામની મહિલાને મળીને ૨૨ લાખ રૂપિયામાં ન્યુઝીલેન્ડની વર્ક પરમીટના વિઝાની ડીલ નક્કી કરી હતી. જે પૈકી ૧૦ ટકા રકમ ટોકન પેટે લીધી હતી. જેમાં ઓફિસનું સંચાલન કરતા જય મોદી (રહે. અપેક્ષા એપાર્ટમેન્ટ, ઘાટલાડિયા) અને કુશ પટેલનો સપંર્ક કરીને જરૂરી ડોક્યુમેન્ટ આપ્યા હતા.

#### શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા મહત્ત્વનો નિર્ણય

## સરકારે તબીબી પ્રાધ્યાપકોના પગારમાં ૩૦ થી ૫૫ ટકા સુધીનો વધારો કર્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

રાજ્યની સરકારી મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો કરાયો છે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ જાહેરાત કરી છે.

મળતી માહિતી મુજબ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિષયક મહત્વના નિર્ણય સંદર્ભે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત ૧૧ માસના કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો કરવાનો હિતકારી નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવા અને મેડિકલ વિદ્યાર્થીને ગુણવત્તા શિક્ષણ એ જ સરકારની પ્રાથમિકતા છે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, તબીબી શિક્ષકોના માસિક વેતનમાં થયેલ નોંધપાત્ર વધારાના પરિણામે હોસ્પિટલમાં તબીબો અને શિક્ષકોની ઘટ્ટ નિવારવામાં મદદ મળશે.

રાજ્ય સરકારના મહત્વ પુર્ણ નિર્ણય સંદર્ભે વધું વિગતો આપતા તેમણે કહ્યું કે, સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલમાં ખાનગી પ્રેક્ટિસ સિવાય ફરજરત આ તબીબી શિક્ષકોને માસિક વેતનમાં થયેલ નોંધપાત્ર વધારાનો લાભ મળશે. આ નિર્ણય અનુસાર પ્રાધ્યાપક વર્ગ-૧ના પ્રોફેસરને હાલ રૂ.૧,૮૪,૦૦૦ માસિક વેતન ચૂકવવામાં આવે છે જે હવેથી રૂ. ૨,૫૦,૦૦૦ થશે. સહ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૧,૬૭,૫૦૦ ની જગ્યાએ ૨,૨૦,૦૦૦, મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૮૯,૪૦૦ ની જગ્યાએ ૧,૩૮,૦૦૦ અને ટ્યુટર વર્ગ-૨ ને ૬૯,૩૦૦ ની જગ્યાએ ૧,૦૫,૦૦૦ માસિક વેતન ચૂકવવામાં આવશે. આરોગ્ય વિભાગના તા.૯/૧૦/૨૦૨૪ ઠરાવ થી નિર્ણય અમલી બનશે.



દેશભરમાં નવરાત્રીનો તહેવાર ઉજવાઈ રહ્યો છે ત્યારે રાજકોટમાં 'નવરાત્રી' ઉત્સવ દરમિયાન ગેલેક્સી ગરબી મંડળમાં મહિલાઓ ગરબા રમી રહ્યા છે.

### સુરતના મોટા બોરસરામાં નરાધમોએ સગીરાને પીંખી

। (એજન્સી) સુરત, તા.૯ ।

ગુજરાતમાં શક્તિના પર્વની ઉજવણી થઈ રહી છે તો બીજી તરફ એક પછી એક બળાત્કારની ઘટનાઓ સામે આવી રહી છે. વડોદરાના ભાયલી બાદ હવે સુરતના મોટા બોરસરાંમાં હવસખોરોએ વડોદરાવાળી પેટર્નમાં સામૂહિક દુષ્કર્મ આચર્યું છે. દુષ્કર્મનો ભોગ બનેલી પીડિતાના મિત્રએ ગ્રામજનોને જાણ કરતાં સગીરાને અર્ધનગ્ન હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ ઘટનાના ગણતરીના કલાકોમાં જ આરોપીઓને દબોચી લેવામાં આવ્યા છે. પરંતુ ગુજરાતીમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી રહી છે. મહિલા સુરક્ષાના લીરેલીરાં ઉડી ગયા છે.

## અમદાવાદ મંડળ સ્ટેશન, ટ્રેન અને રેલ પરિસર અને સ્વચ્છ આહાર માટે પ્રતિબદ્ધ છે





। અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ મંડળ દ્વારા ડીઆરએમ સુધીર કુમાર શર્માના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવવા ૧લી થી ૧૫ મી ઓક્ટોબર સુધી સ્વચ્છતા પખવાડાની ઉજવણી કરવામાં આવી રહી છે. સ્વચ્છતા પખવાડા દ્વારા સામાન્ય જનતા અને મુસાફરોને જાગૃત કરીને અને તેમની ભાગીદારીથી સ્વચ્છતા વ્યવસ્થામાં સુધારો કરવામાં આવી રહ્યો છે.રેલવે કર્મચારીઓએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લઈને પોતાને અને અન્ય લોકોને સ્વચ્છતા માટે પ્રોત્સાહિત કરવા માટે શરૂઆત કરી.

૦૯ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ "સ્વચ્છ ખોરાક દિવસ" અંતર્ગત, અમદાવાદ સહિત અમદાવાદ ડિવિઝનના વિવિધ મુખ્ય સ્ટેશનો પર ખાદ્ય ચીજોની ગુણવત્તા અને સ્વચ્છતાની ચકાસણી કરવામાં આવી હતી, જેથી મુસાફરોને સ્વચ્છ અને સલામત ખાદ્યપદાર્થો ઉપલબ્ધ થઈ શકે. ઉપરાંત ખાણીપીણીના વિક્રેતાઓને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ શ્રેણીમાં, ૦૮ ઓક્ટોબરના રોજ "સ્વચ્છ પરિસર દિવસ" પર,રેલવે પરિસરમાં રેલવે કોલોની, રિટાયરિંગ રૂમ, પેસેન્જર વેઈટિંગ રૂમ, વિશ્રામ ગૃહો અને શયનગૃહ ની સફાઈ સાથે રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. રેલવે પ્રશાસન રેલવે પરિસરની મુલાકાત લેતા અને રેલવે સુવિધાઓનો લાભ લેતા મુસાફરોને રેલવે પરિસરને સ્વચ્છ રાખવામાં રેલવેને સહકાર આપવા વિનંતી કરે છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુન્દ્રા પોર્ટના ૨૫ વર્ષની વિકાસયાત્રાના પ્રતીકરૂપે સ્મારક ટપાલ ટિકિટનું અનાવરણ કર્યું



વિશ્વ ટપાલ દિવસે અનાવરણ કરાયેલી ટપાલ ટિકિટ મુન્દ્રા પોર્ટની વિકાસગાથાનું પ્રતીક બનશે. દેશના મેરિટાઈમ સેક્ટર અને આર્થિક વિકાસમાં મુન્દ્રા પોર્ટના ૨૫ વર્ષના યોગદાનની ઉજવણી અંતર્ગત. ભારતીય પોસ્ટ વિભાગે ટપાલ ટિકિટ જારી કરી. સ્ટેમ્પ શીટની નકલ નવી દિલ્હીના નેશનલ ફિલાટેલિક મ્યુઝિયમમાં પણ પ્રદર્શિત કરાશે.

#### મકાનની સહાયના નામે છેતરપિંડી

## નડિયાદમાં સિલાઈ મશીન અને સરકારી આવાસમાં ઘર અપાવવાના નામે ઠગાઈ

। (એજન્સી) નડિયાદ, તા.૯ ।

નડિયાદના ડાકોર રોડ પર આડિનાર ચોકડી નજીક સરકારી યોજનાના નામે સહાય આપવાની લાલચ આપી છેતરપિંડી કરનાર ઈસમ સામે ચકલાસી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ ઈસમે સિલાઈ મશીન અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનની સહાયના નામે છેતરપિંડી કરી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. કોમ્પ્લેક્ષમાં ઓફિસ ખોલીને ગામડાઓની કેટલીય ભોડી પ્રજાને છેતરી હશે તે તો પોલીસ તપાસ કરશે તેમાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થશે. હાલમાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ નડિયાદના પાલૈયા ગામે દક્ષાબેન જુવાનસિંહ સોલંકીને વાતોવાતથી જાણ થઈ હતી કે, ગામની નજીક આવેલ આડિનાર ચોકડી પાસેના રૂદ્ર કોમ્પ્લેક્ષ ખાતે ગીરધર શામળભાઈ પરમાર (મુળ રહે.માલપુર, સાબરકાંઠા)એ સહાય યોજનાની પાલન સેવા નામની સંસ્થા નામની ઓફિસ ખોલી સહાય કરે છે. દક્ષાબેને ૧૯ સપ્ટેમ્બરે મુલાકાત લઈ માહિતી મેળવી પતિ સાથે પહોંચ્યા હતા. ઓફિસમાં ગીરધર શામળભાઈ પરમાર (મુળ રહે.માલપુર, સાબરકાંઠા) હાજર હોય અને તેઓ બંને પગે અપંગ છે. તેઓની સંસ્થામા સભ્ય બનવા માટે દક્ષાબેને રૂપિયા ૧૧૦૦ રોકડા ભર્યા હતા. બાદમા દક્ષાબેનને સીલાઈ મશીન લેવાનુ હોય તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનામા મકાન બનાવવાની સહાય પણ લેવાની હોય જેથી આ બાબતે દક્ષાબેને ગીરધરભાઈ સાથે ચર્ચા કરી હતી. જેમાં ગીરધરભાઈએ જણાવેલ કે, તમારે સોગંદનામું કરી રૂપિયા ૩૦ હજાર આપવા પડશે. જેમાં ૩હજાર સીલાઈ મશીનના તેમજ પ્રધાન મંત્રી આવાસ યોજનાની મકાન સહાયના રૂપિયા ૨૭ હજાર આપવા પડશે તેવી વાત કરી હતી. દક્ષાબેનના પતિએ હાથ ઉછીના પૈસા લઈને આ રૂપિયા ગીરધરને આપ્યા હતા. બાદમાં આ ગીરધરે કહેલ કે ૬-સાત દિવસમા તમોને સીલાઈ મશીન મળી જશે તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાયના નાણા દસ દિવસમા મળી જશે.

## અપર મહાપ્રબંધક પશ્ચિમ રેલવેએ અમદાવાદ મંડળ ના વિવિધ સ્ટેશનોના પુનઃવિકાસના કામોનું નિરીક્ષણ કર્યું હતું

। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલ્વેના અપર મહાપ્રબંધક શ્રી પ્રકાશ બુટાનીએ ૦૯ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ અમદાવાદ મંડળ ના વિવિધ સ્ટેશનોના પુનઃવિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણ દરમિયાન તેમણે અમદાવાદ, મણિનગર, વટવા, અસારવા અને સાબરમતી સ્ટેશનોની મુલાકાત લીધી જ્યાં પુનઃ વિકાસ નું કામ ચાલી રહ્યું છે. અમદાવાદ સ્ટેશન પર, તેમણે સૌપ્રથમ સરસપુર બાજુના નિર્માણાધીન બિલ્ડીંગના સ્થળની મુલાકાત લીધી અને કામની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો. આ પછી તેમણે અમદાવાદ સ્ટેશનની (કાલુપુર) બાજુએ બની રહેલા ફ્લાયઓવરના કામની પણ સમીક્ષા કરી હતી. આ પછી, તેમણે મુખ્ય સ્ટેશન બિલ્ડિંગ સાઈટનું પણ નિરીક્ષણ કર્યું જ્યાં પણ કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. તેમણે મણિનગર, વટવા અને અસારવા સ્ટેશનોની પણ મુલાકાત લીધી જે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ કરવામાં આવી રહ્યા છે. આ સ્ટેશનો પર ચાલી રહેલા કામોની સમીક્ષા કરતી વખતે તેમણે અધિકારીઓ પાસેથી



આ કામોની પ્રગતિ વિશે માહિતી મેળવી હતી. સાબરમતી સ્ટેશને પહોંચીને શ્રી બુટાણીએ બાંધકામ સ્થળ પર ચાલી રહેલા કામની સમીક્ષા કરી હતી. મુખ્ય પ્રોજેક્ટ મેનેજર (બાંધકામ) અમદાવાદ શ્રી રાજેન્દ્ર કુમારે તેમને સ્ટેશન પર થઈ રહેલા વિવિધ પુનઃવિકાસના કામોની સ્થિતિ વિશે માહિતી આપી હતી. આ દરમિયાન, અપર મહાપ્રબંધક શ્રી બુટાની ની સાથે, શ્રી સંજીવ કુમાર, ચીફ પ્રોજેક્ટ મેનેજર, રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA), શ્રી રાજેન્દ્ર કુમાર, ચીફ પ્રોજેક્ટ મેનેજર (બાંધકામ), અમદાવાદ અને શ્રી લોકેશ કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક અને મંડળ ના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.